GJVL020022002018

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ કર્યા તારીખ | 16-07-2018 |
| રજી. કર્યા તારીખ | 16-07-2018 |
| ફેસલ કર્યા તારીખ | 23- 06-2026 |
| સમય ગાળો | 07 વર્ષ 11 માસ 07 દિવસ |

# વલસાડના મહેરબાન એડીશનલ જયુડીશીયલ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટ, વલસાડ

## [ સુ.શ્રી.પ્રીતિ સાગર ]

**ક્રિમીનલ કેસ નં. ૧૫૦૯/૨૦૧૮**

**આંક–**

**ગુન્હો :–ધી ઇન્ડીયન પીનલ કોડની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧,,૧૨૦ (બી), ૧૧૪ મુજબ**

**વલસાડ સીટી પોલીસ સ્ટે.એફ.આઈ.આર.નં. ૫૬/૨૦૧૮**

**ફરીયાદ–** **શ્રી નામદાર સરકાર**

**–:વિરૂધ્ધ:–**

**આરોપી–** **૧. પંકજભાઇ ચિતરંજનભાઇ દેસાઇ,**
**રહેવાસી–** **૮૪, વશીયર વેલી સોસાયટી, અતુલ વલસાડ રોડ, તા.જી.વલસાડ**

**આરોપી–** **૨. મેધાબેન પંકજભાઇ વાગડીયા,**
**રહેવાસી–** **૮૪, વશીયર વેલી સોસાયટી, અતુલ વલસાડ રોડ, તા.જી.વલસાડ**

**આરોપી–** **૩. નારણભાઇ દામજીભાઇ કસુન્દ્રા,**
**રહેવાસી–** **૨૯, ઉમીયાનગર બેલા તા.મોરબી જી.મોરબી**

**આરોપી–** **૪. રસીકભાઇ બેચરભાઇ બોડા,**
**રહેવાસી–** **બેલાગામ, ઉમીયાનગર તા.મોરબી જી.મોરબી**

**આરોપી–** **૫. વીસાભાઇ જુસબભાઇ રાઠોડ, (મરણથી અબેટ)**
**રહેવાસી–** **ઉટબેટ, શામપરગામ ગેબનશાપીરની બાજુમા, તા. જી.મોરબી**

આરોપી– ૬. અનીષઅલી રમઝાનઅલી ધમાણી
રહેવાસી– રૂમ નં.૫૦૨, ઈવન એપાર્ટમેન્ટ, રવાપર રોડ, તા. જી.મોરબી

આરોપી– ૭. નુરમહંમદ ઉર્ફે કાળુ બાવાભાઇ
રહેવાસી– ઝીંઝુડાગામ, પ્લોટ ગરીબ નગર તા. જી.મોરબી

આરોપી– ૮. હનીફા હુસેન ઈશાક ગાધ,
રહેવાસી– સરવાલેબર કેમ્પ મસ્જીદની બાજુમાં નવાકંડલા, તા.ગાંધીધામ જી.કચ્છ

આરોપી– ૯. રેનીસ રમઝાનઅલી રૈયાણી,
રહેવાસી– ભાટીયા સોસાયટી, ચંદ્રપુર તા.વાંકાનેર જી.મોરબી

તહોમત– ધી ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબના ગુન્હા બાબત...

==========================================================

ફરીયાદ પક્ષ તરફે વિ. એ.પી.પી.શ્રી વી.આર.સોલંકી
આરોપી નં. ૧ થી ૩ તરફે વિ.વકીલશ્રી એસ.આર.પાંડે
આરોપી નં. ૪ તરફે વિ.વકીલશ્રી એસ.એન.કાઝી
આરોપી નં. ૫ તરફે વિ.વકીલશ્રી કે.આર.પટેલ
આરોપી નં. ૬ તરફે વિ.વકીલશ્રી જે.એમ.પુરોહીત
આરોપી નં. ૭ અને ૯ તરફે વિ.વકીલશ્રી એસ.ડી.ટેલર
આરોપી નં. ૮ તરફે વિ.વકીલશ્રી એમ.કે.શર્મા

============================================================

**ફોર્મ–બી**

| | |
|---|---|
| ગુનો બનાવ તારીખ | ૨૯/૦૯/૨૦૧૭ |
| ફરીયાદની તારીખ | ૧૮/૦૪/૨૦૧૮ |
| ચાર્જશીટ તારીખ | ૧૮/૦૪/૨૦૧૮ |
| તહોમતનામું ફરમાવ્યા અને પ્લીની તારીખ | ૨૦/૦૮/૨૦૧૮ |
| પુરાવા માટે મુલતવી તારીખ | ૦૧/૦૯/૨૦૧૮ |
| ઠરાવ માટે મુલતવી તારીખ | ૨૩/૦૬/૨૦૨૬ |
| સજાનો હુકમ કર્યા તારીખ (જો હોય તો) | - |

## <u>આરોપીની વિગતો</u>

| આરોપી નં | આરોપી/ઓનું નામ | ધરપકડ તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ ? | નિદોષ/ કસૂરવાર | શું સજા ? | સી.આર.પી.સીઉ/બી. એનએસ. એસ.મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે.? |
|---|---|---|---|---|---|---|---|
| ૧.<br>૨.<br>૩.<br>૪.<br>૫.<br>૬.<br>૭.<br>૮.<br>૯. | પંકજભાઇ ચિતરંજનભાઇ દેસાઇ<br>મેધાબેન પંકજભાઇ દેસાઇ<br>નારણભાઇ દામજીભાઇ કસુન્દ્રા<br>રસીકભાઇ બેચરભાઇ બોડા<br>વીસાભાઇ જુસબભાઇ રાઠોડ (મરણથી અબેટ)<br>અનીષઅલી રમઝાનઅલી ધમાણી<br>નુરમહંમદ ઉર્ફે કાળુ બાવાભાઇ<br>હનીફા હુસેન ઇશાક ગાધ<br>રેનીસ રમઝાનઅલી રૈયાણી | – | – | ધી ઇન્ડીયન પીનલ કોડની કલમ– ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી) ૧૧૪ મુજબ | નિર્દોષ (આરોપી નં. ૫ મરણથી અબેટ) | – | – |

## ફોર્મ–સી

## ફરીયાદ પક્ષ /બચાવ/પક્ષ/કોર્ટના સાહેદોનું લીસ્ટ

### (એ) ફરીયાદપક્ષ તરફે મૌખિક પુરાવો :

| ફરીયાદ પક્ષ સાહેદ નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧. | ફિરોજ રૂષી શ્રોફ | ફરીયાદી | ૧૧૧ |
| ૨. | કર્તવ્ય ફાલ્ગુનીબેન ભટ્ટ | સાહેદ | ૧૭૮ |
| ૩. | મોહન મણીલાલ પટેલ | સાહેદ | ૨૨૪ |
| ૪. | અનિલભાઈ મલાભાઈ હડીચલ | સાહેદ | ૨૪૦ |
| ૫. | આરીફભાઈ નાસીર શેખ | સાહેદ | ૨૫૨ |
| ૬. | વિનોદભાઈ રણછોડભાઈ પવાર | સાહેદ | ૨૫૯ |
| ૭. | દિલીપભાઈ નાનાલાલ પટેલ | સાહેદ | ૨૭૧ |
| ૮. | દિલીપભાઈ મનસુખભાઈ રવેશીયા | સાહેદ | ૨૭૯ |
| ૯. | જાહીદહુસેન અબ્દુલભાઈ માથકીયા | સાહેદ | ૨૮૧ |
| ૧૦. | મહેશભાઈ કાંતિલાલ પટેલ | સાહેદ | ૨૮૩ |
| ૧૧. | એન કે. કામળીયા | ત.ક.અ.શ્રી | ૩૦૪ |

-

### (બી) બચાવપક્ષ તરફે પુરાવો :

| ક્ર.નં. | સાહેદની વિગત | પંકાર | આંક |
|---|---|---|---|
| – | | | |

### ( સી ) કોર્ટ સાહેદ :

| ક્ર. નં. | સાહેદની વિગત | પ્રકાર | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

## <u>ફરીયાદપક્ષ તરફે આંક પાડેલા દસ્તાવેજી પુરાવા :</u>

| ક્ર.નં | દસ્તાવેજનું વર્ણન | આંક |
|---|---|---|
| ૧. | રોશન કેડી શ્રોફના મરણનો દાખલો | ૧૬૮ |
| ૨. | મરણનો રીપોર્ટ , વોર્ડના સભ્યોએ આપેલ દાખલો, ન્યુઝપાનાની નકલ તથા રેશનકાર્ડની નકલ | ૧૭૯ |
| ૩. | મરણનો દાખલો આપવા પી.એસ.આઇ. વલસાડ નાઓએ ચીફ ઓફીસર મોરબીનાઓને લખેલ પત્ર | ૧૮૦ |
| ૪. | મોરબી નગરપાલીકાના સભ્યશ્રીના સહિની ખરાઇનો નમુનો | ૨૪૧ |
| ૫. | પાસપોર્ટની ખરી નકલ | ૨૪૨ |
| ૬. | સર્વે નં. ૨૨૯ બ્લોક નં.૨૭૮ ના કામે થયેલ રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૮૧૯/૨૦૧૭ ની નકલ મેળવવા બાતતનો પત્ર તા.૧૮/૦૧/૨૦૧૮ | ૨૬૦ |
| ૭. | દસ્તાવેજની ખરી નકલ | ૨૬૧ |
| ૮. | સર્વે નં.૨૨૯ બ્લોક નં.૨૭૮ના કામે થયેલ વેચાણ દસ્તાવેજ નં.૪૮૧૯/૨૦૧૭ ના કામે થયેલ વિડીયો રેર્કોડીંગ મેળવા બાબતનો પત્ર તા.૨૦/૦૧/૨૦૧૮ | ૨૬૨ |
| ૯. | સર્વે નં.૨૨૯ બ્લોક નં.૨૭૮ ના રજી.વેચાણ દરસ્તાવેજના વિડીયો રેર્કોડીંગની સીડી | ૨૬૩ |
| ૧૦. | સર્વે નં.૨૨૯ બ્લોક નં.૨૭૮ના કામે થયેલ વેચાણ દસ્તાવેજ નં.૪૮૧૯/૨૦૧૭ ના કામે થયેલ વિડીયો રેર્કોડીંગ મેળવવા બાબતનો પત્ર તા.૨૫/૦૧/૨૦૧૮ | ૨૬૪ |
| ૧૧. | વલસાડ સીટી પોલીસ સ્ટેશનને મોકલેલ તા.૧૨/૦૭/૨૦૧૮ નો પત્ર | ૨૬૫ |
| ૧૨. | સર્વે નં.૨૨૯ બ્લોક નં.૨૭૮ ના રજી.વેચાણ દરસ્તાવેજના વિડીયો રેર્કોડીંગની સીડી | ૨૬૬ |
| ૧૩. | સબ રજીસ્ટ્રાર વલસાડને મોકલેલ તા.૧૨/૦૭/૨૦૧૮ નો પત્ર | ૨૬૭ |
| ૧૨. | મરણ રીપોર્ટનું ફોર્મ | ૨૭૨ |
| ૧૩. | મરણની વિગતવાળી કાપલી | ૨૭૩ |
| ૧૪. | બાઇકુમી એરચશા મહેતાના આધારકાર્ડની નકલ | ૨૭૪ |
| ૧૫. | બાઇકુમી એરચશા મહેતાના રેશનકાર્ડની નકલ | ૨૭૫ |
| ૧૬. | રાઠોડ વિશા જુસબના ચુંટણી કાર્ડની નકલ | ૨૭૬ |
| ૧૭. | રાઠોડ વિશા જુસબના આધાર કાર્ડની નકલ | ૨૭૭ |
| ૧૮. | બાઇકુમીના મરણના દાખલની ખરી નકલ | ૨૭૮ |

| | | |
|---|---|---|
| **૧૯.** | અસલ ઓફીસ આર્ડર | ૨૮૦ |
| **૨૦.** | બાઇકુમી એરચશા નાઓનું રેશનકાર્ડ મોરબી ખાતે ટ્રાન્સફર થયેલ તે બાબતનું ઓનલાઇન પત્રક | ૨૮૨ |
| **૨૧.** | અસલ ફરીયાદ | ૩૦૫ |
| **૨૨.** | પોલીસ યાદી | ૩૦૬ |
| **૨૩.** | આરોપીઓના શરીર સ્થિતિનું પંચનામું | ૩૦૭ |
| **૨૪.** | આરોપીઓના શરીર સ્થિતિનું પંચનામું | ૩૦૮ |
| **૨૫.** | દસ્તાવેજો કબજે કર્યાનું પંચનામું | ૩૦૯ |
| **૨૬.** | અટક પંચનામું | ૩૧૦ |
| **૨૭.** | બાઇકુમી એરચશા રસુલા એરચશા મહેતાનાની યુનિયન બેંકની પાસબુક વિગત | ૩૧૧ |
| **૨૮.** | બાઇકુમી એરચશા રસુલા એરચશા મહેતાના આધારકાર્ડની નકલ | ૩૧૨ |
| **૨૯.** | બાઇકુમી એરચશા રસુલા એરચશા મહેતાના રેશનકાર્ડની નકલ | ૩૧૩ |
| **૩૦.** | ગાધ હનીફાબાઇ હુસેનના ચુંટણીકાર્ડની નકલ | ૩૧૪ |
| **૩૧.** | ગાધ હનીફાબાઇ હુસેનના રેશનકાર્ડની નકલ | ૩૧૫ |
| **૩૨.** | બાઇકુમી એરચશા રસુલા એરચશા મહેતાના મરણના દાખલની નકલ | ૩૧૬ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા :**

| **ક્ર.નં** | **દસ્તાવેજનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત :**

| **ક્ર.નં** | **આર્ટિકલ નં.** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| – | – | – |

## : ચુકાદો :

(૧) ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ

એકબીજાના મેળાપીપણામાં કાવતરું રચી આ કામના ફરીયાદીની માસીની દીકરી બાઇકુમી એરચશા મહેતા રહે.મુંબઇના સરખા નામવાળી સ્ત્રીને બાઇકુમી એરચશા મહેતાના સરખા નામવાળા આધારકાર્ડ, રેશનકાર્ડ તથા આધાર પુરાવા રજુ કરી તથા દસ્તાવેજ વખતે બાઇકુમી એરચશા મહેતાના નામ વાળી ખોટી વ્યકિત હાજર રાખી મોજે ઓઝર ગામે આવેલ બ્લોક નં.૨૭૮ વાળી જમીનનો વેચાણ રજીસ્ટર દસ્તાવેજ નં.૪૮૧૯/૨૦૧૭ બનાવી નોંધ નં.૨૬૯૧ તા.૨૯/૯/૨૦૧૭ થી કાચી નોંધ કરેલ જેમા પંકજભાઇ તથા નારણભાઇ તોહમતદારોએ સદર જમીનના દસ્તાવેજમાં વેચાણ લેનાર તરીકે અને હનીફા હુસેન ઇશાક ગાધ પોતે ખોટી કુમી એરચશા રસુલશા મહેતા રહે.અમરાપર મોરબીનું નામ ધારણ કરી દસ્તાવેજમાં વેચાણ આપનાર તરીકે રહી તથા મેધા વાગડીયા, રસીકભાઇ બોડા, વીસાભાઇ રાઠોડ તથા વિરમભાઇ ધારુકીયા આરોપીઓ નાઓએ સાક્ષી તરીકે દસ્તાવેજમાં સહિ કરી તેમજ તમામ તોહમદારોએ એકબીજાના મેળાપીપણામાં જેમાં રસીકભાઇ બોડા તથા વીસાભાઇ રાઠોડનાઓ તોહદારોએ જમીનના મૂળ અસલ માલીકની જગ્યાએ ખોટી બાઇ તરીકે નુરમહંમદ ઉર્ફે કાળુ સેડાત તોહમતદાર દ્વારા મંગાવતા હનીફા હુસેન ઇશાક ગાધ તોહમતદાર પોતે ખોટી કુમી એરચશા રસુલશા મહેતા બની અનીષઅલી ધમાણી તોહમતદારે ખોટા કુમી એરચશા રસુલશા મહેતા રહે.અમરાપર મોરબીનો ખોટો આધારકાર્ડ બનાવી તથા રેનિસ રૈયાણી તોહમતદારે મામલતદાર કચેરી વાંકાનેર ખાતેથી બાઇકુમી એરચશા રસુલશા મહેતાનું ખોટું બનાવટી રેશનકાર્ડ બનાવી મોરબી ખાતે ટ્રાન્સફર કરાવી જે આધારે આરોપીઓએ બાઇકુમી એરચશા મહેતાનું મોરબી યુનિયન બેંકમાં ખાતું ખોલાવી તમામ દસ્તાવેજો જમીનના કરેલ દસ્તાવેજમાં રજુ કરી વલસાડની સબરજીસ્ટર કચેરી ખાતે રેકર્ડ દફતરે કાચી નોંધ કરાવી અને પાછળથી રસીકભાઇ તથા વીસાભાઇ આરોપીઓએ ખોટી ઉપજાવી કાઢેલ કુમી એરચશા રસુલશા મહેતાને મરણ ગયેલ જણાવી તેણીનો મોરબી નગરપાલીકામાંથી મરણનો દાખલો કઢાવી રજુ કરી ફરિયાદીની જમીન ગેરકાયદેસર રીતે પડાવી લેવાના ઇરાદે ખોટા આધાર, પુરાવા મેળવી જે પુરાવા ખોટા હોવાનું જાણવા છતા ખરા તરીકે ઉપયોગ કરી ખોટી બાઇને મૂળ માલીક તરીકે વેચાણ દસ્તાવેજ કરી આરોપીઓ પકડાઇ જઇ ઇ.પી.કો.

કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબની ફરીયાદ આપતા તે ફરીયાદ નોંધી તપાસ કરનાર અધિકારીએ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા અત્રેની કોર્ટ સમક્ષ ચાર્જશીટ કરેલ.

(૨) ચાર્જશીટ રજુ થતા આરોપીઓને સમન્સ કરતાં આરોપીઓ હાજર રહેલ અને આરોપીઓ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મળ્યા અંગેની ખાતરી કરી, આરોપીઓ સામે **આંક–૧૦** થી તહોમતનામું ફરમાવી **આંક–૧૧ થી ૧૯** આરોપીઓનું પ્રાથમિક નિવેદન રેકર્ડ કરતાં આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ, જેથી સદર કામ ફરીયાદ પક્ષના પુરાવા માટે રાખવામાં આવેલ.

(૩) સદર કામમાં ફરીયાદ પક્ષે તેઓના કેસના સમર્થનમાં ઉપર મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીઓને તેઓની વિરૂધ્ધની હકીકત અને સંજોગો અંગે સમજાવેલ અને તેઓનું વિશેષમાં નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીઓએ તેઓની સામેના પુરાવાની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં એવી હકીકત જણાવેલ છે કે, અમો તદન નિર્દોષ છીએ, અમોએ આવો કોઈ ગુન્હો કરેલ નથી. અમોને ખોટી રીતે સંડોવી દઈ અમારા વિરૂધ્ધ ખોટું ચાર્જશીટ કરેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલો કરતા જણાવેલ છે કે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંક પણે સાબિત કરવામાં સફળ થયેલ છે જેથી આરોપીને સજા કરવા અરજ છે. જ્યારે આરોપીના વિ.વ.શ્રી દલીલો કરતા જણાવે છે કે, આ કામે પંચો સાહેદો ફરી ગયેલા છે અને ફરીયાદપક્ષ દ્વારા અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલા નથી. ફરીયાદપક્ષે પોલીસ સાહેદો છે તે હિત ધરાવનાર સાહેદો છે. આરોપીને ખોટી રીતે સંડોવી દઈ કામગીરી બતાવવા ખોટી ફરીયાદ આપેલ છે અને ખોટુ ચાર્જશીટ કરેલ છે. જેથી ફક્ત પોલીસ સાહેદોની જુબાનીને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ કરેલ છે.

(૬) હાથ પરના કેસની હકીકતો ધ્યાને લેતા સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના

મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–: : મુદ્દા ::–</u>**

૧. શું ફરીયાદ પક્ષ શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે, આ કામના આરોપીઓએ એકબીજાના મેળાપીપણામાં કાવતરું રચી આ કામના ફરીયાદીની માસીની દીકરી બાઇકુમી એરચશા મહેતા રહે.મુંબઇના સરખા નામવાળી સ્ત્રીને બાઇકુમી એરચશા મહેતાના સરખા નામવાળા આધારકાર્ડ, રેશનકાર્ડ તથા આધાર પુરાવા રજુ કરી તથા દસ્તાવેજ વખતે બાઇકુમી એરચશા મહેતાના નામ વાળી ખોટી વ્યકિત હાજર રાખી મોજે ઓઝર ગામે આવેલ બ્લોક નં.૨૭૮ વાળી જમીનનો વેચાણ રજીસ્ટર દસ્તાવેજ નં.૪૮૧૯/૨૦૧૭ બનાવી નોંધ નં.૨૬૯૧ તા.૨૯/૯/૨૦૧૭ થી કાચી નોંધ કરેલ જેમા પંકજભાઇ તથા નારણભાઇ તોહદારોએ સદર જમીનના દસ્તાવેજમાં વેચાણ લેનાર તરીકે અને હનીફા હુસેન ઇશાક ગાધ પોતે ખોટી કુમી એરચશા રસુલશા મહેતા રહે.અમરાપર મોરબીનું નામ ધારણ કરી દસ્તાવેજમાં વેચાણ આપનાર તરીકે રહી તથા મેધા વાગડીયા, રસીકભાઇ બોડા, વીસાભાઇ રાઠોડ તથા વિરમભાઇ ધારુકીયા આરોપીઓ નાઓએ સાક્ષી તરીકે દસ્તાવેજમાં સહિ કરી તેમજ તમામ તોહમદારોએ એકબીજાના મેળાપીપણામાં જેમાં રસીકભાઇ બોડા તથા વીસાભાઇ રાઠોડનાઓ તોહદારોએ જમીનના મૂળ અસલ માલીકની જગ્યાએ ખોટી બાઇ તરીકે નુરમહંમદ ઉર્ફે કાળુ સેડાત તોહમતદાર દ્વારા મંગાવતા હનીફા હુસેન ઇશાક ગાધ તોહદાર પોતે ખોટી કુમી એરચશા રસુલશા મહેતા બની અનીષઅલી ધમાણી તોહમતદારે ખોટા કુમી એરચશા રસુલશા મહેતા રહે.અમરાપર મોરબીનો ખોટો આધારકાર્ડ બનાવી તથા રેનિસ રૈયાણી તોહમતદારે મામલતદાર કચેરી વાંકાનેર ખાતેથી બાઇકુમી એરચશા રસુલશા મહેતાનો ખોટું બનવાટી રેશનકાર્ડ બનાવી મોરબી ખાતે ટ્રાન્સફર કરાવી જે આધારે આરોપીઓએ બાઇકુમી એરચશા મહેતાનું મોરબી યુનિયન બેંકમાં ખાતું ખોલાવી તમામ દસ્તાવેજો જમીનના કરેલ દસ્તાવેજમાં રજુ કરી વલસાડની સબ – રજીસ્ટર કચેરી ખાતે રેકર્ડ દફતરે કાચી નોંધ કરાવી અને પાછળથી

રસીકભાઇ તથા વીસાભાઇ આરોપીઓએ ખોટી ઉપજાવી કાઢેલ કુમી એરચશા રસુલશા મહેતાને મરણ ગયેલ જણાવી તેણીનો મોરબી નગરપાલીકામાંથી મરણનો દાખલો કઢાવી રજુ કરી ફરિયાદીની જમીન ગેર કાયદેસર રીતે પડાવી લેવાના ઈરાદે ખોટા આધાર, પુરાવા મેળવી જે પુરાવા ખોટા હોવાનું જાણવા છતા ખરા તરીકે ઉપયોગ કરી ખોટી બાઇને મૂળ માલીક તરીકે વેચાણ દસ્તાવેજ કરી આરોપીઓ પકડાઇ જઇ તથા વોન્ટેડ આરોપીઓ નહી પકડાઇ ઇ.પી.કો. કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ મુજબનો ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

## –: : નિર્ણયો : :–

**(૭)** કોર્ટ દ્વારા સદર મુદ્દાઓના નીચે મુજબ જવાબ આપવામાં આવે છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## –: : કારણો : :–

**મુદ્દા નંબર–૧ ની ચર્ચા :–**

**(૮)**ફોજદારી વિધિશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ આરોપી સામેનો આક્ષેપ ફરીયાદપક્ષે નિ:શંકપણે પોતાની રીતે પુરવાર કરવાનો રહે અને જયાં સુધી ફરીયાદપક્ષ પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાનું કોર્ટે અનુમાન કરવાનું રહે. હાલના કામે અગત્યના સાહેદ – ફરીયાદી ગુજરી ગયેલા છે.

**(૮.૧)** ફરિયાદ પક્ષે આંક–૧૧૧ થી સાહેદ ફીરોજ રૂષીભાઇ શ્રોફ નાઓને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવ્યું છે કે, મારા મહેતાજી કાકા દોલતભાઈ મનુભાઈ પટેલ છે અને તેઓ અમારા ત્યા મહેતાજી તરીકેનું કામ કરે છે. અને તેઓએ અમારી ૨૭૮ બ્લોક નંબરવાળી જગ્યા કે જે ઓઝર ગામ ખાતે આવેલી છે ત્યા તેમણે અજાણ્યા શખ્સોને ખેતરમા ફરતા જોયા તેમજ ફોટોગ્રાફ લેતા જોયા હતા અને તેમને તેમના પર શંકા જતા તેમણે મને જણાવેલ. ત્યારબાદ અમોએ રજીસ્ટ્રાર ઓફીસ વલસાડ ખાતે

આવીને સદર મીલકત કોઈને વેચાઈ તો નથી ને તે અંગેની તપાસ કરેલી. તે અંગે તપાસ કરતા અમોને રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૪૮૧૯ થી સદર મીલકતનો દસ્તાવેજ કરવામા આવેલ હતો અને જે અંગેની નોંધ ૨૬૯૧ તા. ૨૯/૦૯/૨૦૧૭ ના રોજ પડેલ હતી અને જેમા સદર જમીનનુ વેચાણ પંકજ ચીતરંજન દેસાઈ તથા નારણ કસુન્દ્રા દામજીનાઓએ કુમી એરચસા મહેતા રહે. મોરબીનાઓ પાસેથી વેચાણ રાખેલ હોવાનુ અમોને જણાઈ આવેલુ. સદર દસ્તાવેજો જોતા વેચાણ આપનાર કુમી એરચસા રસુલસા હોવાનું જણાઈ આવેલ. દસ્તાવેજો જોતા તેમા જે ફોટોગ્રાફ લગાવવામાં આવેલ ફોટો ખોટો હતો. તેમજ જે જમણા હાથના અંગુઠાનુ નીશાન હતુ તે પણ ખોટુ જણાઈ આવેલું. તેમજ આરોપી કુમીબેનનાએ જે આધાર કાર્ડ દસ્તાવેજ ના કામે રજુ કરેલ હતો તેમા જે જન્મ તારીખ લખવામાં આવેલ હતી તે પણ ખોટી જણાવવામાં આવેલ હતી. ખરેખર અમારા જે ફોઈ છે તે મુંબઈ મુકામે ગ્રાન્ટ રોડ, હીલ્લા હાઈટસ ફલેટ નં.૧૦૧ મા રહે છે અને તે શીક્ષીત છે અને તેણી એલઆઈસી એજન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને તેઓ તેમના તમામ ડોકયુમેન્ટસમા સહી કરતા હતા અને તેમનો જન્મ સને ૧૯૩૫ મા થયેલો હતો. જયારે દસ્તાવેજના કામે રજુ થયેલ આધારકાર્ડમાં કુમીબેનનો જન્મ તા.૨૭/૦૮/૧૯૪૨ અને મોરબી મુકામે બતાવવામાં આવેલ છે. તેમજ આરોપીએ તેમનુ એકાઉન્ટ નંબર યુનીયન બેન્ક ઓફ ઇન્ડીયા મોરબી શાખાનુ બતાવેલ હતુ. ત્યારબાદ અમો અમારી ફોઈ જે મુંબઈ મુકામે રહે છે તેમની પાસે તા.૨૯/૧૦/૨૦૧૭ ના રોજ ગયેલા. અને તેમને પુછતાછ કરતા તેમણે જણાવેલ કે હુ વલસાડ મુકામે આવી જ નથી તેમજ મોરબી મુકામે મારુ કોઈ નીવાસ સ્થાન કે બેન્ક એકાઉન્ટ પણ નથી. તેમજ મેં મારી મીલકત પંકજ ચીતરંજન દેસાઈ તેમજ નારણ કાસુન્દ્રા દામજી ભાઈને વેચાણ આપી નથી. અને તેણીએ અમોને તેમનુ આધાર કાર્ડ, પાનકાર્ડ અને ચુંટણીકાર્ડ અમોને આપેલ તેમજ તેમણે તેમના અંગુઠાનું નીશાન અને સહી પણ અમોને ખરાઈ માટે આપેલી. જેથી અમોએ તેમને જણાવેલ કે આ બાબતે પોલીસ ફરીયાદ આપવી પડશે તો તેઓએ જણાવેલ કે મારો પાવર ઓફ એટર્ની મારા કાકી રોશનબેનને આપેલો છે અને જે કાઈ કાર્યવાહી કરવી હોય તે કરી શકો છો તેવુ જણાવવામાં આવેલ અને તેઓ વયોવૃધ્ધ હોય હરી ફરી શકે તેમ ન હોય જેથી અમોને ફરીયાદ કરવા જણાવેલ. ત્યારબાદ અમોએ વલસાડ મુકામે આવીને મારા કાકી

રોશનબેન સાથે વાત કરી તા. ૩૦/૧૦/૨૦૧૭ ના રોજ વલસાડ ડી.એસ.પી. કચેરી ખાતે એક લેખીત અરજી આપેલી. અને મજકુર ફરીયાદના સંદર્ભે વલસાડ ના એલ.સી.બી. એમ. એમ. સરવૈયાઓ એ તા. ૧૨/૧૧/૨૦૧૭ના રોજ મારો જવાબ લીધેલો. તેમજ તેના પર મારી સહી લેવામા આવેલી. આરોપીઓને હુ ઓળખી શકુ તેમ છુ. હુ આરોપી પંકજભાઈને ઓળખુ છુ તે સીવાય નાઓને ઓળખતો નથી.

ફરીયાદીની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** ફરીયાદીએ સ્વિકારેલ છે કે, હું છેલ્લા ૩૫ વર્ષથી ખેતી કરુ છુ અને ખેતી માણસ પાસે કરાવુ છુ. અમે ડી.એસ.પી સાહેબને તા.૩૦/૧૦/૨૦૧૭ ના રોજ બપોરના સમયે પ્રથમવાર મળવાનું થયેલું. એ વાત ખરી છે કે અમારે ડી.એસ.પી સાહેબને મળવાનું થયું તે પહેલા ઓઝર મુકામે આવેલ ફોઈની જમીનનુ વેચાણ થઈ ગયેલુ. એ વાત ખરી છે કે આ જમીન વેચાણ દસ્તાવેજ કરવા માટે સબ રજીસ્ટ્રાર કચેરીમાં કોણ કોણ હાજર હતું તે મે જોયેલુ નહી.એ વાત ખરી છે કે અમોએ વેચાણ દસ્તાવેજ પાછળથી સબ રજીસ્ટ્રાર પાસેથી પાછળથી સર્ટીફાઈટ નકલો મેળવેલી.એ વાત ખરી છે કે પંકજ ચીતરંજનભાઈ દેસાઈએ તેમનો પોતાનો આધારકાર્ડ અસલ પરથી સર્ટીફાઈટ રજુ કરેલો. એ વાત ખરી છે કે એ આધારકાર્ડ સાચો હતો. એ વાત ખરી છે કે આ પંકજભાઈ દેસાઈનો આધારકાર્ડ મને આંખે દેખાતુ નથી એટલે જોવામાં આવેલ નથી.એ વાત ખરી છે કે બંન્ને ખરીદનારનાઓએ રજુ કરેલા ઓળખાણના પુરાવાઓ મે જોયેલા નથી.એ વાત ખરી છે કે પંકજભાઈ તથા કાસુદાભાઈ સાથે મારે કોઈ લેવડ દેવડનો વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે પંકજભાઈ મારી સાથે કોલેજમાં મારા સીનીયર હતા જેથી તેમને હું ઓળખુ છુ.એ વાત ખરી છે કે મારી ફોઇનાઓએ આરોપીઓ નં ૧,૩ અને કુમી એરચ શા રસુલ શા મહેતાનાઓ વિરુધ્ધ સ્પેશીયલ સીવીલ સુટનં ૩૬/૨૦૧૭ દાવો કરેલો જે દાવા વાદીના તર્ફેનો ચુકાદો આવેલ જે આજદિન સુધી પડકારવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે ખેતરમાં કોણ ફોટા પાડવા ગયેલુ તેની મને જાણ નથી.એ વાત ખરી છે કે કુમી એસચ શા રસુલ શા નાઓને આજદિન સુધી જોવાનો પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે મારી ફોઈના આધારકાર્ડ, પાનકાર્ડ વગેરે મારી પાસે ન હોય જેથી મારે મુંબઈ મુકામે લેવા માટે ગયેલ.એ વાત ખરી છે કે મારી ફોઈના આધારકાર્ડ અને પાનકાર્ડ મળ્યા પહેલા અમોએ વલસાડ મુકામેથી રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજની સર્ટીફાઈટ

નકલ કઢાવેલી. એ વાત ખરી છે કે મારે પોલીસ સ્ટેશનમાં ૦૮/૧૧/૨૦૧૭ ના રોજ જવાબ નોંધવામાં આવેલો ત્યારબાદ મારે આજદિન સુધી પોલિસ સ્ટેશન જવાનુ બનેલ નથી. ત્યા હુ એલ.સી.બી માં દોલતભાઈ મણીભાઇનાઓ સાથે જવાનુ બનેલુ ત્યા મારે આશરે ૪૫ મિનિટ જેટલું બેસવાનું થયેલુ ત્યા મારી સાથે દોલતભાઈ પણ હાજર હતા અને ત્યારબાદ તેઓ મને લઈને જતા રહેલા. તે દિવસે દોલતભાઇનાઓની પુછપરછ મારી રૂબરૂ થયેલી નહી.હુ ૨૯/૧૦/૨૦૧૭ના રોજ મારી ફોઈને ત્યા મુંબઈ મુકામે ગયેલો.એ વાત ખરી છે કે ત્યાથી હુ મારા ફોઇના સહીઓ અને અંગુઠાના નિશાનો લઈને આવેલો અને તે પોલીસ સ્ટેશનમાં ખરાઈ માટે આપેલા. ફરીયાદ આપેલી ત્યારે મારી ફોઈનો પાવર ઓફ એટર્ની મારા કાકી પાસે હતો. મારા કાકી હાલ તા ૨૩/૦૧/૨૦૨૪ના રોજ અવસાન પામેલા. મારા ફોઇ કુમી એરચ શા મહેતા નાઓ પણ અવસાન પામેલ છે.

(૮.૨) ફરિયાદ પક્ષે આંક-૧૭૮ થી કર્તવ્ય ફાલ્ગુનીબેન ભટ્ટ નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે4 બનાવ તારીખ-૦૯/૦૧/૨૦૧૮ ના રોજ બનેલો, તે સમયે હું મોરબી જનમ-મરણ વિભાગમાં કોમ્પ્યુટ ઓપરેટર તરીકે નોકરી કરતો હતો. તે દિવસે શ્રી હરીશભાઈ વાજાનાઓ એક મરણનું ફોર્મ લઈને આવેલા અને તેમણે આ ફોર્મ સાથે જરૂરી દસ્તાવેજો પણ જોડેલા હતા અને તે અરજીના આધારે કલાર્કે દસ્તાવેજોની ખરાઈ કરી તેમણે દાખલો કાઢી આપેલો. આ ફોર્મ સાથે મરણ જનારના આધારકાર્ડ, રેશનકાર્ડ, માહિતી આપનારનું આધારકાર્ડ તથા રેશનકાર્ડ અને ન્યુઝ પેપર્સની નકલ રજુ કરેલી. આ મરણનો દાખલો બાઈ કુમી એરચશા મહેતાનો કાઢવાનો હતો. તે વખતે અમારા કલાર્ક દિલીપભાઈ પરમાર હતા અને હેડ કલાર્ક પણ દિલીપભાઈ રવેસીયા હતા અને તેમને સહિ કરેલી. પોલીસે મારી પુછપરછ કરેલી. મે જે તે સમયે મરણના દાખલા માટે રજુ થયેલા દસ્તાવેજો જોયેલા અને આ દસ્તાવેજો પોલીસે મારી નગરપાલીકા પાસેથી માંગેલા. આજ રોજ પી.એસ.આઈ. જે. વી. ગોહીલનાઓએ ચીફ ઓફીસરશ્રી મોરબી નગરપાલીકનાઓને મરણ પ્રમાણપત્રની ખરાઈ કરી આપવા માટે લખેલ પત્ર તથા ચીફ ઓફીસર મોરબીનાઓએ તેનો જવાબ પી.એસ.આઈ. વલસાડ સીટીનાઓને જરૂરી દસ્તાવેજ સાથે આપેલ, તે બતાવો છો. મને ચીફ ઓફીસર મોરબીનાઓની સહિ બતાવો છો તે મારા ઓફીસર ગીરીશભાઈ

સરૈયાની સહિ છે, જે ઓળખી બતાવુ છુ, તેમજ તેમના તારીખ–૨૧/૦૪/૨૦૧૮ ના મ્યુનીસીપાલ જાવક નંબર–૧૫૧ ના પત્ર સાથે રજુ કરેલ કુલ–૫ દસ્તાવેજો બતાવો છો, તે જ દસ્તાવેજો છે, જે બાઈ કુમી એરચશાના મરણના દાખલા માટે રજુ કરવામાં આવેલા, જેમા મરણ રીપોર્ટ, વોર્ડના સભ્યોએ આપેલ દાખલો, ન્યુઝ પેપર્સના જરૂરી પાનાની નકલ, આધારકાર્ડની નકલ તથા રેશનકાર્ડની નકલ સામેલ છે. આ પત્રને ઉપરોકત પાંચ દસ્તાવેજો સાથે સંયુકત દાખલ આંક– ૧૭૯ આપવામાં આવે છે. આ સાથે મોરબી નગર સેવા સદન ખાતે ઈન્વર્ડ નંબર–૧૮૩ થી તારીખ–૨૧/૦૪/૨૦૧૮ ના રોજનો પી.એસ.આઈ. વલસાડ સીટીનાઓએ ચીફ ઓફીસર મોરબીનાઓને મરણની ખરાઈ કરી આપવા બાબતનો પત્ર રજુ કરેલ છે, જેને રજુ દાખલ આંક– ૧૮૦ આપવામાં આવે છે.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, હું કોમ્પ્યુટર ઓપરેટર તરીકે છેલ્લા ૧૨ વર્ષથી મોરબી નગરપાલીકામાં ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, ઈન્વર્ડ નંબર–૧૮૩ વાળો પત્ર મને સંબોધીને લખવામાં આવેલ નથી. મે મરણનું પ્રમાણપત્ર કલાર્ક દિલીપભાઈ પરમારના કહેવાથી આપેલ. મૃત્યુ નોંધ બાબતનું ભરવામાં આવતું ફરજીયાત ફોર્મ મે જોયેલુ, તેમા વિશાલભાઈ જુશબભાઈ ની સહિ છે, જેમને હું ઓળખતો નથી. એ વાત ખરી છે કે, ઉપરોકત જણાવેલ ફોર્મ નંબર–૨ ની અસલપ્રત અમારી ઓફીસમા રહે છે અને આ તેની ઝેરોક્ષ નકલ છે, જેના ઉપર કોઈ ખરી નકલનો સિકકો નથી. એ વાત ખરી છે કે, મોરબી નગરપાલીકાન ચીફ ઓફીસર શ્રીએ તેમના ફોર્વડીંગ લેટર સાથે મોકલાવેલ તમામ દસ્તાવેજોની ઝેરોક્ષ નકલ છે, જેની ઉપર કોઈ ટુ કોપીનો સિકકો નથી. એ વાત ખરી છે કે, હું જે દાખલો આપુ, તેની મારે કોઈ ખરાઈ કરવાની રહેતી નથી. એ વાત ખરી છે કે, મારા ઉપરી અધિકારી ખરાઈ કર્યા બાદ જ મને મરણનો દાખલો બનાવવા આપે. એ વાત ખરી છે કે, મારે મરણ દાખલો માગનાર અરજદાર કે અન્ય કોઈનું વેરીફીકેશન કરવાનું થાય નહી. એ વાત ખરી નથી કે, નગરપાલીકમાં દરેક રૂમમાં સી.સી. ટીવી કેમેરા લગાવેલા છે. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, અમુક રૂમમાં છે, પરંતુ હું બેસુ તે રૂમમાં નથી. એ વાત ખરી છે કે, આ સી. સી. ટીવી કેમેરા કઈ સાલમાં લગાડેલા તેની મને ચોકકસ માહિતી નથી. એ વાત ખરી છે કે, સી.સી.ટીવીમાં આવતા–જતા દરેક વ્યક્તિના ફુટેજ હોય છે.

હું રોજમદાર તરીકે નોકરી કરતો. હું હાજરી પત્રક ઉપર સહિ કરતો હતો. એ વાત ખરી છે કે, તારીખ–૦૯/૦૧/૨૦૧૮ ના રોજ હું ફરજ ઉપર હાજર હતો તે બાબતનો પોલીસે કોઈ પુરાવો લીધેલ નથી. એ વાત ખરી છે કે, દિલીપભાઈ પરમાર તથા દિલીપભાઈ રવેસીયાનાઓના તમામ દસ્તાવેજો વેરીફીકેશન કર્યા બાદ મરણનું પ્રમાણ પત્ર કાઢવાનું જણાવેલ. એ વાત ખરી છે કે, પોલીસ ધ્વારા મારી હાજરીમાં દિલીપભાઈ પરમાર તથા દિલીપભાઈ રવેસીયાનાઓના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, પોલીસ ધ્વારા મારી રૂબરૂ કોઈ પંચનામુ કરેલ હોય કે મારી પાસેથી કોઈ દસ્તાવેજો મેળવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મારા ઉપરી અધિકારીના હુકમથી મરણનો દાખલો કાઢી આપેલ.એ વાત ખરી છે કે, પોલીસે લીધેલ જવાબ મે તે દિવસે વાંચેલો અને તે યાદ રહી જતા જવાબ મુજબ આજ રોજ જુબાની આપેલ છે.

**(૮.૩)** ફરિયાદ પક્ષે આંક–૨૨૪ થી મોહનલાલ મણીભાઇ પટેલ નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે હું વલસાડ ખાતે ઇ–ધરામાં નાયબ મામલતદાર તરીકે તા.૦૧/૦૧/૨૦૧૬ થી ૩૧/૦૧/૨૦૧૮ સુધી ફરજ બજાવતો હતો દરમિયાન વલસાડ પોલિસ તરફથી અરજદાર બાઈ કુમી એચરશા મહેતા રહે. મુંબઈ નાઓ ના કુ.મુ રોશન કેકી શ્રોફ નાએ સામાવાળા પંકજ ચિતરંજન દેસાઈ નાઓ વિરુધ્ધ થયેલ અરજી બાબતે મને પૂછપરછ કરતા મે જણાવેલુ કે તા ૨૬/૦૯/૨૦૧૭ ના રોજ હુ વલસાડ ખાતે મારી કચેરીમાં હાજર હતો તે દરમિયાન બાઈ કુમી એચરશા મહેતા નાઓ એ મોજે ઓજર ગામ ખાતા નંબર ૩૧ બ્લોક નં. ૨૭૮ વાળો જમીન ખેડૂત ખાતેદાર એલ.આર.સી. કરવા માટે નિયત નમુના નુ ફોર્મ ભરી તેમા સાક્ષીઓની સહિ કરી ઓળખ પુરાવા સાથે રજુ થતા તેઓનું ખેડુત ખાતેદાર તરીકે ફોટો પાડી અંગુઠાની ઓળખ લઈ બાયોમેટ્રિક સિસ્ટમ હેઠળ એલ.આર.સી. કરેલ અને આ અરજદાર બાઈ કુમી એચરશા મહેતા નાએ આ જમીન હે.આ.રે ૬–૯૭–૦૭ના વેચાણ દસ્તાવેજ નં. બી.એલ.એસ. /૪૮૧૯/૧૨/૩૬/૨૦૧૭થી રજિસ્ટરડ વેચાણ દસ્તાવેજ નોંધ માટે તુમાર આવતા નોંધ નં. ૨૬૯૧/૨૦૧૭ થી કાચી નોંધ પાડવામાં આવેલ બાદમા આ નોંધ સામે ખેડુત ખાતેદાર બાઈ બોગસ છે અને રજિસ્ટરડ વેચાણ દસ્તાવેજ બોગસ થયેલો છે તેવી વાંધા અરજી આવતા આ નોંધ તકરારિ થયેલ આ પ્રક્રિયા સરકારી નિયમો અને પરિપત્રો ની જોગવાઈ હેઠળ કરેલ હતી આ બાબતે પોલિસે

મારો જવાબ લીધેલો.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, મે કુમી એચરશા મહેતા દ્વારા આપવામા આવેલ પાવર ઓફ એટર્ની મે કોઈ દિવસ જોયેલ નથી. એ વાત ખરી છે કે, અરજી સાથે આપવામા આવેલ દસ્તાવેજ મે કોઈ દિવસ જોયેલ નથી. સાહેદ હવે જણાવે છે કે, અરજી સાથે આપવામા આવેલ દસ્તાવેજ મે જોયા છે. એ વાત ખરી છે કે, મે ફક્ત ઓનલાઇન અરજી સાથે ટ્રાન્સફર કરવામાં આવેલ દસ્તાવેજ જોયા છે. એ વાત ખરી છે કે, ખેતી ની જમીન હોય તો સબ રજીસ્ટ્રાર સીધે નોંધ પાડવા માટે અમારી કચેરીમા મોકલાવે છે. એ વાત ખરી નથી કે, નોધ પાડતા પહેલા તમામ પક્ષકારોને નોટીશ કાઢવા ની હોય છે. મિલકતમા તકરાર નોંધવા સિવાયની બીજી કોઈ વિશેષ કામગિરિ મે કરેલ નથી. એ વાત ખરી છે કે, મારી પાસે જે વાંધા અરજી આવેલી તે સાચી હતી કે ખોટી તે હુ કહી શકુ નહિ. તે વાત હાલ મને યાદ નથી કે વાંધા અરજી સાથે કોઈ દસ્તાવેજ રજુ કરવામાં આવેલ હતુ કે કેમ. એ વાત ખરી છે કે, પોલિસે મારી પાસેથી વાંધા અરજી, અન્ય દસ્તાવેજ કે કોઈ રજિસ્ટર પંચનામુ કરી કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, વાંધો આવતા મે કોઈ પક્ષકારને બોલાવીયા હોય કે કોઈના વાંધા સાંભળીયા હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે, મે કોઈ પક્ષકાર ને જોયેલા નથી કે કોઈને ઓળખતો નથી. એ વાત ખરી છે કે, મારી પાસે ઓનલાઇન દસ્તાવેજ ની એન્ટ્રી આવતા એન્ટ્રી સાચી લાગતા મે કાચી એન્ટ્રી પાડેલ છે. એ વાત ખરી છે કે, આ કાચી એન્ટ્રી પાડયા સીવાયની બીજી કોઈ કામગીરી મે કરેલ નથી.

(૮.૪) ફરિયાદ પક્ષે આંક– ૨૪૦ થી અનિલભાઈ મલાભાઈ હડીયલ નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હુ ૨૦૧૮માં જાન્યુઆરી મહીનામા મોરબી નગરપાલીકામાં વોર્ડ નં.૬મા કોર્પોરેટર તરીકે સેવા આપતો હતો તે વખતે વલસાડ પોલીસ અમો પાસે આવેલી અને મને એવુ જણાવેલ કે તમારી સહીથી નગરપાલીકામાથી મરણનો દાખલો કઢાવેલ છે જેમા જે દાખલો રજુ છે તેમા સહી કરનાર તરીકે અનીલ મલાભાઈ હડીયલ વોર્ડ નં ૬ ના કાઉન્સેલર તરીકે સહી કરેલ હતી અને સીક્કો મારેલ હતો અને મને વલસાડ ખાતે આવવાનુ કહેલ અને અમો વલસાડ આવેલા અને ત્યારબાદ અમારૂ નગરપાલીકાનું જનરલબોર્ડનુ રજીસ્ટર અને અમારો

પાસપોર્ટ પોલીસમા રજુ કરેલો અને એક નગરપાલીકાના લેટર પેડ પર એક સહીનો નમુનો લેવામા આવેલો જેમા મારી સહી અનીલ એમ હડીચલ તરીકે ચાલતી હતી એટલે મારી સહી" અનીલ મલાભાઈ હડીચલ" લખવામા આવેલી તે ખોટી હોવાનુ જાણ થયેલ આ કોનો મરણનો દાખલો મેળવવામા માટે અમારી સહીનો ઉપયોગ કરવામાં આવેલ તેની મને જાણ નથી મે મારી સહીનો નમુનો પુરાવા તરીકે મોરબી નગરપાલીકાના લેટર પેડ પર સહી કરી આપેલી જે મે પોલીસમા રજુ કરી દીધેલ જે અસલ સહીના નમુનાવાળો લેટરપેડ મને બતાવવામાં આવે છે જેમા મે નમુના તરીકે સહી કરેલ તે ઓળખી બતાવુ છુ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૨૧૪ આપવામા આવે છે તથા મારી સહીના નમુના ની ઓળખ માટે પાસપોર્ટની ખરી નકલ પોલીસમા રજુ કરેલ જે નકલ આજરોજ રજુ કરૂ છુ જેને રજૂ દાખલ આંક–૨૪૨ આપવામા આવે છે. આ સીવાય બનાવ બાબતે વધુ કાઈ જાણતો નથી આ સહી કોણે કરેલ અને કોને ઉપયોગમા લીધેલ તેને હુ ઓળખતો નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે હુ સને ૨૦૧૮મા આવેલો. પુછતા જણાવુ છુ કે મને સમંસ કે નોટીસ આપીને બોલાવવામાં આવેલ ન હતો. સાહેદ જણાવે છે કે વલસાડ પોલીસ મને તેડવા આવેલ. પુછતા જણાવુ છુ કે પોલીસના માણસો કયા પોલીસ સ્ટેશનમાંથી આવેલા તે હુ ચોકક્સ કહી શકુ નહી. પુછતા જણાવું છુ કે હુ પોલીસ સ્ટેશનમાં લખાવતો હતો અને પોલીસ લખતી હતી તેવું બનેલુ, પુછતા જણાવુ છુ કે મે મારા પોલીસ સમક્ષના નીવેદનમા ગુના રજી.નં કે કોઈ કલમ લખાવેલ નથી. મને પોલીસ દ્વારા ગુનાના કામને લગતા કોઈ પેપર્સ બતાવામાં આવેલ ન હતા. પુછતા જણાવુ છુ કે પોલીસે મારા નીવેદન લીધા પછી મારી સહી લીધેલી.<u>પ્રશ્ન : પોલીસે તમારી કેટલી સહી લીધેલ?</u>
<u>જવાબ : એક.</u> પુછતા જણાવુ છુ કે પોલીસે બે પંચોની રૂબરૂમા મારી ૩૬ સહીના નમુના લીધેલ હોય તેવુ બનેલ નથી. પુછતા જણાવુ છુ કે હુ એકજ પ્રકારની સહી કરૂ છુ જે ટુંકી સહી છે આખી સહી કરવાનો કોઈ દીવસ પ્રસંગ બનેલ નથી. એ વાત ખરી છે કે કથીત મરણના દાખલાના ફોર્મમા કયા અધીકારીની સહી છે કે કોના સીક્કા છે તે વાતની મને જાણ નથી. એ વાત ખરી છે કે હુ કોઇપણ આરોપીને ઓળખતો નથી. . એ વાત ખરી છે કે મે જે વીગત પોલીસને જણાવેલ તે વીગત વાંચવાનો કોઈ પ્રસંગ બનેલ

નહી. એ વાત ખરી છે કે મે વીગત વાંચેલ ન હોય પોલીસે શુ વીગત લખી તે વાતની મને જાણ નથી.

**(૮.૫)** ફરિયાદ પક્ષે આંક– ૨૫૨ થી આરીફભાઇ નીશાર શેખ નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હાલનો બનાવ વર્ષ ૨૦૧૮મા બનેલ બનાવ વખતે હુ ડુંગરી ખાતે શાકભાજીનો વેપાર તથા જમીનની દલાલી પણ કરતો હતો હાલના બનાવમા ઓઝર ગામની જમીન હતી જે જમીન વેચવાની હોય તે બાબતે મને મારા મીત્ર મહેશભાઈએ જણાવેલ અને આ જમીન બાબતે મે સુરત ખાતે રહેતા લવજીભાઈને જાણ કરેલ અને મને મહેશભાઈએ આપેલ તે ૭ /૧૨ ના ઉતારાની નકલો લવજીભાઈને આપેલ અને આ ૭/ ૧૨ ના ઉતારાની નકલ નીતીનભાઈએ મહેશભાઈને આપેલ અમોએ આ ઉતારાની નકલ સુરત ખાતેના લવજીભાઈને આપેલ બાદમા અમારે લવજીભાઈ સાથે ઘણા સમયસુધી સમ્પર્ક થયેલ નહી અને લવજીભાઈએ જણાવેલ કે આ જમીન અમારે ખરીદવી નથી ત્યારબાદ મને પોલીસ સ્ટેશનમા બોલાવેલ અને આ જમીન બાબતે પુછપરછ કરતા મે આ બાબતો જણાવેલ અને અમોને પોલીસ તરફથી જાણવા મળેલ કે આ જમીન ના માલીક પારસી હતા આ સીવાય બનાવ બાબતે મને કોઈ જાણ નથી હુ આરોપીઓને ઓળખતો નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, પોલીસ સમક્ષ નીવેદન લખાવવા હુ કઈ તારીખે ગયેલ તે હાલ મને યાદ નથી પરંતુ સાંજનો સમય હતો તે યાદ છે. એ વાત ખરી છે કે નીવેદનમા હુ પોલીસને લખાવતો હતો અને પોલીસ લખતી હતી તેવુ બનેલ નહી. પુછતા જણાવુ છુ કે મે મહેશભાઈ કે જેમને મને ૭/૧૨ ની નકલ આપેલ તથા લવજીભાઈ કે જેમને મીલકત વેચવાની વાત કરેલ તેઓનું નામ અને સરનામું મારા નીવેદનમાં લખાવેલ. પુછતા જણાવુ છુ કે ૭/૧૨ ની નકલ મે પોલીસને આપેલ નહી કે પોલીસે મને કોઇ ૭/૧૨ ની નકલ બતાવેલ નહી. પુછતા જણાવુ છુ કે ઓઝર ગામની જમીન મે કોઈ દીવસ જોયેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે જે આરોપીઓના નામ જણાવેલ તે આરોપીઓ સાથે આજદીન સુધી કોઈ સંપર્ક થયેલ નથી કે મળેલ નથી. એ વાત ખરી છે કે કયા આરોપીએ કોની પાસેથી જમીન મેળવેલી તે વાતની પણ મને કોઈ માહીતી નથી. એ વાત ખરી છે કે પોલીસના કહેવાથી જ મને બનાવ બાબતની જાણ થયેલી અને મને

બનાવ બાબતની કોઈ અંગત જાત માહીતી નથી.

(૮.૬) ફરિયાદ પક્ષે આંક– ૨૫૯ થી વિનોદભાઈ રણછોડભાઈ પવાર નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હુ તા.૪/૯/૨૦૧૫ થી તા.૧૫/૧૦/૨૦૧૮ સુધી વલસાડ ખાતે સબરજીસ્ટ્રાર તરીકે મારી ફરજ પર હતો આ દરમ્યાન તકરારી દસ્તાવેજની નોંધણી સને ૨૦૧૭ મા થયેલી તે વખતે હુ સબરજીસ્ટ્રાર કચેરી ખાતે હાજર હતો તે દરમ્યાન એક પંકજ દેસાઈ કરીને મીલકત ખરીદનાર આવેલા અને તેને દસ્તાવેજ રજુ કરેલ તે મીલકત મોજે ઓઝર ગામની હતી જેનો બ્લોક નં હાલ મને યાદ નથી તે દસ્તાવેજમા જણાવેલ તેની વેચાણ કીંમત જણાવેલ હતી અને તેના પર નીયમ મુજબ સ્ટેમ્પ ડયુટી વાપરેલ જે મારી સમક્ષ રજુ થયેલ જેમા વેચાણ આપનાર તરીકે કુમીબેન નામ હતુ અને તેઓ એલ.આર.સી. ઈ–ધરા મામલતદાર પાસે એલ. આર.સી.બાયોમેટ્રીક કરાવેલ અને જેના આધારે તેઓ ની ઓળખ થયેલ અને ખેડુત ખાતેદાર હોવાની જાણ થયેલી અને દસ્તાવેજ રજુ કરનાર પંકજભાઈએ દસ્તાવેજ રજુ કરેલો તથા વેચાણ આપનારનો અંગુઠો મેચ થતા અમોએ દસ્તાવેજ સ્વીકારેલ અને નોંધણીની પ્રોસીજર કરેલ જેમા અમોએ દસ્તાવેજ સ્વીકારેલ અને વેચાણ આપનાર તથા સ્વીકારનારના અંગુઠા લીધેલ અને ફોટો લીધેલ તથા દસ્તાવેજ વેચાણ આપનાર તથા સ્વીકારનાની અમો સમક્ષ સરકાર દ્વારા નક્કી કરેલ નીચત નમુના મુજબ પ્રશ્નો પુછી વીડીયો રેકોર્ડીંગ કરેલ અને દસ્તાવેજ નોંધણીની પ્રકીયા પુરી કરેલ ત્યારબાદ આ દસ્તાવેજ અમારી કચેરીમા નોંધાયેલ જેનો વેચાણ દસ્તાવેજ નં.બી.એલ.એસ.૪૮૧૯/૨૦૧૭ પડેલો વલસાડ એલ.સી.બી પોલીસ દ્વારા અમોને તા.૧૮/૧/૨૦૧૮ ના રોજ અમોને પત્ર લખી આ નોંધાયેલ દસ્તાવેજની પ્રમાણીત નકલની માંગણી કરવામા આવેલી જે એલ.સી.બી.પોલીસ દ્વારા અમોને લખેલ અસલ પત્ર આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૨૬૦ આપવામાં આવે છે તથા તેમની માંગણી મુજબ અમોએ અમારી કચેરીમા નોંધાયેલ દસ્તાવેજની પ્રમાણીત નકલ પુરી પાડેલ જે પ્રમાણીત નકલ આજરોજ સરકારી વકીલની ફાઈલમાથી રજુ કરવામા આવે છે જેને રજુ દાખલ આંક–૨૬૧ આપવામાં આવે છે ત્યારબાદ તા.૨૦/૧/૨૦૧૮ ના રોજ એલ.સી.બી.વલસાડ દ્વારા અમારી કચેરીમા નોંધાયેલ દસ્તાવેજ નં. ૪૮૧૯/૨૦૧૭ ના કામે થયેલ વીડીયો રોર્કોડીંગની માંગણી કરવામાં આવેલ જે અસલ

પત્ર આજરોજ રજુ કરૂ છુ જેને રજૂ દાખલ આંક–૨૬૨ આપવામા આવે છે તથા તેમની માંગણી મુજબ અમોએ વીડીયો રેર્કોડીંગની સીડી પોલીસને આપેલ તથા સાથે પત્ર આપેલો જે સીડી તથા પત્ર આજરોજ રજુ કરવામાં આવે છે જેને અનુક્રમે રજુ દાખલ આંક–૨૬૩ તથા આંક–૨૬૪ આપવામાં આવે છે. ત્યારબાદ તા.૧૨/૭/૨૦૧૮ ના રોજ વલસાડ સીટી પોલીસ સ્ટેશન દ્બારા પત્ર લખી આ દસ્તાવેજ ની સીડી વીડીયો રેર્કોડીંગ માંગવામા આવેલ જે અસલ પત્ર આજરોજ રજુ કરૂ છુ જેને આજરોજ રજૂ દાખલ આંક–૨૬૫ આપવામાં આવે છે વલસાડ સીટી પોલીસ સ્ટેશનની માંગણી મુજબ વેચાણ દસ્તાવેજ નં.૪૮૧૯ ના વીડીયો રેકોર્ડીંગ સીડી રજુ કરેલ તથા આ અંગે સાથે પત્ર લખેલ જે અસલ સીડી તથા પત્ર રજુ રાખવામા આવેલ જેને અનુક્રમે રજુ દાખલ આંક–૨૬૬ તથા આંક–૨૬૭ આપવામાં આવે છે અમારી ઓફીસમા દસ્તાવેજ નોંધણીના દીવસે મીલકત ખરીદનાર મીલકત વેચનાર તથા બે સાક્ષીઓ હાજર રહેલા જે સાક્ષીઓના નામ હાલ મને યાદ નથી હુ મારી ઓફીસમા આવેલ વ્યકતીઓને જોયે ઓળખી શકુ છુ આરોપીઓ આજરોજ ગેરહાજર હોય ઓળખ અંગે તકરાર નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે એ વાત ખરી છે કે દસ્તાવેજની નોંધણીમા વેચાણ લેનાર ગેરહાજર રહે તો પણ શેડ્યુલમા દસ્તાવેજ થઈ શકે. પુછતા જણાવુ છુ કે વેચાણ દસ્તાવેજ નં ૪૮૧૯ વાળો અસલ દસ્તાવેજ નોંધણી થયા પછી અધીકુત વ્યકતી/વેચાણ લેનાર લઈ ગયેલ કે કેમ તે હુ રેકોર્ડ જોયા વગર કહી શકુ નહી. એ વાત ખરી છે કે સામાન્ય કીસ્સામા વેચાણ લેનાર દસ્તાવેજ થયાના બીજા ત્રીજા દીવસે ડે બુકમા નોંધણી કરી અસલ વેચાણ દસ્તાવેજ લઈ જાય છે. એ વાત ખરી છે કે હાલના કામે રજુ થયેલ આંક–૨૬૧ વાળો દસ્તાવેજ અમોએ અસલ દસ્તાવેજમાથી ફોટો કોપી કરીને આપેલ નથી. મને આંક–૨૬૧ વાળા દસ્તાવેજ બતાવામા આવે છે જે જોઈને હુ કહુ છુ કે સદર દસ્તાવેજના પાના નં.૮ પર સાક્ષી નં.૦૨ તરીકે મેધનાબેન પી દેસાઈનુ નામ જણાવેલ છે જેઓ વેચાણ લેનાર નં ૦૧ ના પત્ની છે. એ વાત ખરી છે કે સદર દસ્તાવેજમા વેચાણ આપનારના અંગુઠો ઓળખનારની સહી 'V.J.R' તરીકે કરેલ છે. એ વાત ખરી છે કે સંપુર્ણ પ્રકીયા પારદર્શક થાય તે હેતુ થી વીડીયો રેકોર્ડીંગ કરવામા આવે છે. એ વાત ખરી છે કે વેચાણ લેનાર નં ૦૧ પંકજભાઈ દ્બારા દસ્તાવેજ સાથે રજુ કરવામાં આવેલ પાનકાર્ડ,

આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ ની નકલ સાચી હતી. એ વાત ખરી છે કે વેચાણ લેનાર નં ૦૨ કાસુદ્રા નારણભાઈ દામજીભાઈ દ્વારા દસ્તાવેજ સાથે રજુ કરવામાં આવેલ આધારકાર્ડ તથા ચુંટણીકાર્ડ ની નકલ સાચી હતી. એ વાત ખરી છે કે દસતાવેજના સમયે રજુ થયેલા આધાર કાર્ડ, ચુંટણીકાર્ડ અને પાનકાર્ડની નકલ ઓરીજનલ સાથે કમ્પેર અને વેરીફાઈ કરવામા આવેલ હતી. એ વાત ખરી છે કે આંક– ૨૬૫ થી રજુ થયેલ તા ૧૨/૭/૨૦૧૮ ના પત્રમા રીસીવ કરનાર તરીકે મારી સહી નથી. પુછતા જણાવુ છુ કે હાલના બનાવ બાબતે મારે પોલીસ સ્ટેશનમા જવાનુ થયેલ નથી. પુછતા જણાવુ છુ કે પોલીસે સબરજીસ્ટ્રાર કચેરીમા આવીને મારુ સ્ટેટમેન્ટ નોંધેલુ. પુછતા જણાવુ છુ કે મારૂ નીવેદન પોલીસ દવારા હાથથી લખવામાં આવેલ, તેઓ પ્રશ્નો પુછતા હતા અને હુ જવાબ આપતો હતો. <u>પ્રશ્ન– રજીસ્ટ્રાર તરીકે સામાન્યરીતે તમારે શુ કાર્યવાહી કરવાની હોય છે અને દસ્તાવેજ કેવી રીતે રજીસ્ટર કરવામા આવે છે તેની પ્રકીયા જણાવી શકો?</u> જવાબ દસ્તાવેજ રજુ કરનાર માણસો દસ્તાવેજમાં જણાવેલ અવેજ પ્રમાણે જે તે સમયે લાગતી સ્ટેમડ્યુટી વાપરેલ છે કે કેમ અને તે દર્શાવેલ છે કે કેમ તેની ખાતરી કરી દસ્તાવેજના વેચાણ લેનાર કે આપનાર કોઈપણ વ્યકતી દસ્તાવેજ રજુ કરી શકે. ત્યારબાદ ખેતીની જમીનના દસ્તાવેજમા ઈધારા મામલતદાર પાસે એલ આર સી એટલે બાયોમેટ્રીક સીસ્ટમ કરાવે છે જેની ખાતરી અમારા કોમ્પ્યુટર બાયોમેટ્રીક સીસ્ટમમા ઓપન થતા દસ્તાવેજ સ્વીકારી વેચાણ આપનારને અવેજના પૈસા મળ્યા છે કે કેમ તથા તેમણે વેચેલ મીલકત તેમને મંજુર છે કે કેમ તેવા પ્રશ્નો નીયત નમુનામા પુછવામાં આવે છે અને વેચાણ આપનારની ઓઅળખાણ બે સાક્ષીઓ દ્વારા લેવામા આવે છે તથા ખરીદનાર વેચનારતથા સાક્ષીઓના સહી તથા અંગુઠાના બાયોમેટ્રીક લેવામા આવે છે તથા કોમ્પ્યુટરમા ફોટા લેવામા આવે છે.એ વાત ખરી છે કે હાલના કેસમા પણ આ બધી પ્રકીયા પુર્ણ થયા બાદજ વેચાણ દસ્તાવેજ નોંધવામા આવેલ. એ વાત ખરી છે કે દસ્તાવેજની કાર્યવાહી કરતા પહેલા તેમના ફોટોગ્રાફસ અને અંગુઠો તેમજ તેમની ઓળખ માટે રજુ થયેલ સાક્ષીઓના ફોટોગ્રાફ અને અંગુઠાની ઓળખ લઈ વેચાણ આપનાર માણસ સાચો છે તેવી સાક્ષીઓ રૂબરૂ ખાત્રી કરી હાલના દસ્તાવેજની નોંધણી કરેલ છે. પુછતા જણાવુ છુ કે બાયોમેટ્રીક ખાતરી માટે ઈધરા મામલતદારમા ફોટો લઈ તેઓના અંગુઠા મશીન પર રાખી ઇધરા મામલતદાર કેસની

કાર્યવાહી પુર્ણ કરે છે. તે સમયે ઇધરા મામલતદાર કોણ હતા તે હુ હાલ કહી શકુ નહી. એ વાત ખરી છે કે વેચાણ આપનારનો અંગુઠો બાયોમેટ્રીક સીસ્ટમમા સાચો મળી આવતો હોય તોજ દસ્તાવેજની નોંધણી કરવામા આવે છે. એ વાત ખરી છે કે ઇધરા મામલતદારમા બાયોમેટ્રીક મેચ થયા પછી અમોને કોમ્પ્યુટરમા રીપોર્ટ મળે છે. એ વાત ખરી છે કે હાલના કીસ્સામા પણ વેચાણ આપનારનો અંગુઠો મેચ થયા પછીજ અમોએ રજીસ્ટ્રેશનની કાર્યવાહી કરેલ છે. એ વાત ખરી છે કે ઇધરામામલતદારનો ખરાઈનો રીપોર્ટ ન આવે તો સામાન્ય સંજોગોમા અમો દસ્તાવેજની નોંધણી કરીએ નહી. એ વાત ખરી છે કે પોલીસે દસ્તાવેજની નોંધણીની રેકોર્ડીંગ કે એલ.આર.સી.એટલે કે બાયોમેટ્રીક સીસ્ટમની કાર્યવાહી અંગેનુ રેકોર્ડીંગ પંચનામુ કરી કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે અસલ વેચાણ દસ્તાવેજ વેચાણ લેનાર/અધીકુત વ્યકતી લઈ ગયા છે કે કેમ તે બાબતનુ રજીસ્ટર પોલીસ દ્વારા પંચનામુ કરી કબજે કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે પોલીસે અમારી પાસેથી પંચનામુ કરી કોઇ દસ્તાવેજ,કાગળ કે વીડીયો રેકોર્ડીંગ મેળાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે ખેતીની જમીન હોય તો વેચાણ આપનાર ખેડુતખાતેદાર છે કે કેમ તે બાબતની ચકાસણી કરવાની હોય છે.

(૮.૭) ફરિયાદ પક્ષે આંક- ૨૭૧ થી દિલીપભાઇ નાનાલાલ પટેલ નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હાલનો બનાવ વર્ષ-૨૦૧૮મા બનેલ બનાવ સમયે હુ મોરબી નગરપાલીકામાં જન્મ-મરણ વીભાગમા કલાર્ક તરીકે નોકરી કરતો હતો અને તે વખતે અમોને કોઈ અરજદારે મરણનો દાખલો કઢાવવા ફોર્મ ભરીને આપેલ અને તે દાખલો અમોએ વીગતવારની વીગતો ભરી કાઢી આપેલ અને તે મરણનો દાખલો કોઈ બાઈ માણસનો હતો જેનુ નામ મને યાદ નથી અમોને મરણનો દાખલો કઢાવવા બાબતે અરજદારે એક ફોર્મ ભરીને આપેલ જે ફોર્મ મને બતાવવામાં આવે છે તે જોઇને કહુ છુ કે આ ફોર્મ તેજ છે જે અસલ ફોર્મ આજરોજ રજુ રાખેલ છે તેને રજુ દાખલ આંક-૨૭૨ આપવામા આવે છે તથા આ ફોર્મ સાથે મોરબી નગરપાલીકાના વોર્ડના સભ્યનો મરનારની વીગતવાળો દાખલો આપવામા આવેલ જે અસલ દાખલો આજરોજ રજુ રાખેલ છે જેને રજુ દાખલ આંક-૨૭૩ આપવામાં આવે છે તથા મરનાર બાઈ કુમી એરચશાના નામનો આધારકાર્ડની જેરોક્ષ રજુ રાખેલ જે અંગે બચાવપક્ષને

વાંધો હોય વાંધા સાથે તેને રજુ દાખલ આંક–૨૭૪ આપવામાં આવે છે મરનાર બાઈ કુમી એરચશાના નામનો રેશન્કાર્ડની ઝેરોક્ષ રજુ રાખેલ જે અંગે બચાવપક્ષને વાંધો હોય વાંધા સાથે તેને રજૂ દાખલ આંક–૨૭૫ આપવામા આવે છે તથા અરજદાર રાઠોડ વીશા જુસબના નામનો ચુંટણી કાર્ડની જે ઝરોક્ષ રજુ રાખેલ જે અંગે બચાવપક્ષને વાંધો હોય વાંધા સાથે તેને રજુ દાખલ આંક–૨૭૬ આપવામા આવે છે. અરજદાર રાઠોડ વીશા જુસબના નામનો આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ રાખેલ જે અંગે બચાવપક્ષને વાંધો હોય વાંધા સાથે તેને રજુ દાખલ આંક–૨૭૭ આપવામાં આવે છે તથા આ પુરાવાને આધારે અમોએ અમારી કચેરીમાથી મરનુ પ્રમાણપત્ર આપેલ જે પ્રેમાણપત્રની જેરોક્ષ નકલ રજુ છે જેમા તૈયાર કરનાર તરીકે અમારી સહી છે જે રજુ રાખેલ છે જેમાં બચાવપક્ષનો વાંધો હોય વાંધા સાથે રજૂ દાખલ આંક–૨૭ આપવામાં આવે છે ત્યારબાદ વલસાડ પોલીસ અમારી ઓફીસે આવેલ ત્યારે મને જાણવા મળેલ કે અરજદારે અમને ખોટા ડોક્યુમેન્ટ આપી દાખલો કઢાવેલ છે જે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલ આરોપીઓને ઓળખતો નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, દાખલો મેળવવા માટે અરજી કોણે કરેલ તેની મને કોઈ જાત માહીતી નથી, એ વાત ખરી છે કે પોલીસને મે જે મરણનો દાખલો આપેલ તે અસલ રજીસ્ટરમાથી ઉતારો બનાવી આપેલ. પુછતા જણાવું છુ કે અસલ રજીસ્ટર હુ આજરોજ મારી સાથે લાવેલ નથી.મને આંક–૨૭૨ બતાવવામાં આવે છે જે જોઈને હુ કહુ છુ કે ફોર્મમાં અરજદાર તરીકે રાઠોડ વીશાભાઈ જુસબભાઈનુ નામ જણાવેલ છે. પુછતા જણાવુ છુ કે અરજી વખતે અમોએ રાઠોડ વીશાભાઈ જુસબભાઈ દ્વારા રજુ કરેલ દસ્તાવેજો ઉપર તેઓની સહી લીધેલ નથી. એ વાત ખરી છે કે અમારી ઓફિસમા અસંખ્ય માણસો આવતા હોય હુ રાઠોડ વીશાભાઈ જુસબભાઈ ને જાતે ઓળખતો નથી. એ વાત ખરી છે કે અમારા દ્વારા રાઠોડ વીશાભાઈ જુસબભાઈ નાઓએ જે દસ્તાવેજો રજુ કરેલા તે પ્રમાણેજ મરણનો દાખલો કાઢી આપવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે અમારે કોઈ દીવસ વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં આવવાનું બનેલ નથી સાહેદ હવે જણાવે છે કે સને ૨૦૧૮ મા એક વખત હુ સીટી પોલીસ સ્ટેશનમાં પોલીસના બોલાવાથી આવેલો. પુછતા જણાવું છુ કે પોલીસ સ્ટેશનમા હુ લખાવતો હતો અને પોલીસ લખતી હતી એવુ

બનેલ. એ વાત ખરી છે કે પોલીસ સાહેબ કોમ્પ્યુટર પર લખતા હતા. પુછતા જણાવું છુ કે મે મારા પોલીસ સ્મક્ષના નીવેદનમ ગુના રજીસ્ટર નં. કે ઈ.પી.કો. ની કલમ લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે પોલીસે મને પ્રશ્નો પુછેલ અને મે જવાબ આપેલ. પુછતા જણાવુ છે કે પોલીસે મારી પાસેથી કોઈ દસ્તાવેજ લીધેલ નથી અમારા ઉપરી અધીકારી એટલે કે ચીફ ઓફીસર પાસેથી દસ્તાવેજો લેવામાં આવેલ હતા. પુછતા જણાવુ છુ કે પોલીસે મારી ઓફીસમા બે માણસોને પંચ તરીકે બોલાવ્યા હોય કે પંચોની રૂબરૂ પંચનામુ દોરી કોઈ દસ્તાવેજી કાગળો જપ્ત કરેલ હોય તેવું બનેલ નથી. પુછતા જણાવુ છુ કે જે તે વખતે મારી ઓફીસમા ત્રણ જણા કામ કરતા હતા જેમાથી હુ કલાર્કના હોદ્ધા પર, બીજા ભાઈ ઉતારો કાઢવા માટે અને ત્રીજા ભાઈ કોમ્પ્યુટરમા એન્ટ્રી કરવા માટે હતા. એ વાત ખરી છે કે પોલીસે મારૂ નીવેદન લીધેલ તે પહેલા મને આ દાખલા બાબતે કોઇ જાત માહીતી ન હતી. એ વાત ખરી છે કે પોલીસના કહેવાથી મને આ દાખલા બાબતે માહિતી મળેલ.

(૮.૮) ફરિયાદ પક્ષે આંક-૨૭૯ થી દિલીપભાઈ મનસુખલાલ રવેશીચા નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હાલનો બનાવ વર્ષ ૨૦૧૮મા બનેલ બનાવ સમયે હુ મોરબી નગરપાલીકામા ટેક્ષ ઇન્સપેકટર તરીકે ફરજ બજાવતો હતો અને સાથે સાથે અમોને ચીફ ઓફીસર મોરબી નગરપાલીકા નાઓએ મોરબી નગરપાલીકામા આવતા જન્મ-મરણના પ્રમાણપત્ર તથા આવકના દાખલાઓમા ચીફ ઓફીસર મોરબી નગરપાલીકા વતી સહી કરવા ઓફીસ ઓર્ડર કરેલ જે અસલ ઓફીસ ઓર્ડર રજુ કરૂ છુ જેને આજરોજ રજુ દાખલ આંક- ૨૮૦ આપવામાં આવે છે બનાવ વખતે અમારી ઓફીસમાથી એક મરણપ્રમાણપત્ર ઇસ્યુ કરવામા આવેલ જે આંક-૨૭૮ વાળુ પ્રમાણપ્ર જોઈને કહુ છુ કે આ પ્રમાણપ્રત્ર જન્મમરણ વીભાગની ઓફીસના કલાર્ક દીલીપભાઈ પરમારનાઓએ દાખલો તૈયાર કરેલ અને તેમની સહી કરેલ અને સબરજીસ્ટ્રાર અને ચીફ ઓફીસર તરીકે અમોએ સહી કરેલ ત્યારબાદ અમોને વલસાડ પોલીસ મારફતે જાણવા મળેલ કે આ મરણનો દાખલો ખોટો છે જે બાબતે પોલીસે મારી પુછપરછ કરેલ આરોપીઓને ઓળખતો નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **ઉલટતપાસમાં** સાહેદે સ્વિકારેલ છે કે, મને આંક-૨૬૦થી રજુ થયેલ દસ્તાવેજ બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ કે સદર

હુકમ મને તારીખ ૧૩/૮/૨૦૧૪ ના રોજ આપવામાં આવેલ. એ વાત ખરી છે કે સદર હુકમ પ્રમાણે જ્યારે ચીફ ઓફીસર ગેરહાજર હોય તે સંજોગોમા જ મને દાખલામા સહી કરીને આપવાની હોય છે. એ વાત ખરી છે કે મરણના દાખલામાં સહી કરી તે દીવસે ચીફ ઓફીસર સાહેબ હાજર હતા કે કેમ તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે દાખલામા અમારી સહી થતા પહેલા તમામ પ્રકીયા આચરી પુર્ણ કરવામા આવે છે ત્યારપછી અમારી સહી લેવામા આવે છે. એ વાત ખરી છે કે મે કોઇ ચકાસણી કરી નથી ફક્ત સહી કરેલ. એ વાત ખરી છે કે પોલીસે મને જાણ કરેલ ત્યારે મને ખબર પડેલ કે સદર દાખલો ખોટો છે. તે પહેલા દાખલા બાબતની મને કોઈ જાત માહીતી ન હતી. એ વાત ખરી છે કે દાખલા જોઇને દાખલા ખોટા છે તે હુ કહી શકુ નહી ફક્ત પોલીસના કહેવાથી મને ખબર પડેલ કે દાખલા ખોટા છે.

**(૮.૯)** ફરિયાદ પક્ષે આંક-૨૮૧ થી જાહીદહુસેન અબ્દુલભાઇ માથકીયા નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હાલ હુ તાલુકા વાંકાનેર જી.મોરબી ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવુ છુ અને મને જાણવા મળેલ કે હાલનો બનાવ વર્ષ ૨૦૧૮ મા બનેલ અને બનાવ વખતે મોરબી ખાતે મામલતદાર તરીકે અન્ય એક અધીકારી ફરજ બજાવતા હતા હાલના બનાવમા મામલતદાર ઓફીસ વાંકાનેર ખાતેથી જે તે સમયે એક રાશન કાર્ડ નોંધાયેલ જે રેશનકાર્ડ ઓનલાઈન નોંધની થયેલાની વીગતો દર્શાવતુ સ્ટેટસ પોલીસને રજુ કરેલ જે પત્રક જોઈને કહુ છુ કે તે પત્ર અમારી મામલતદાર ઓફીસની સાઈટ પરથી કાઢવામાં આવેલ જે ઓનલાઈન માહીતી દર્શાવતુ પત્રક છે જે પત્રક મુજબ જેમા દર્શાવેલ રાશન કાર્ડ મહેતા બાઈકુમી એરચશા નાઓની વીગતો છે અને તે વાંકાનેર ખાતે નોંધાયેલ અને ત્યારબાદ મોરબી ખાતે ટ્રાન્સફર થયેલ છે જે પત્ર આજરોજ રજુ કરૂ છુ જેને રજ દાખલ આંક-૨૮૨ આપવામા આવે છે.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, એ વાત ખરી છે કે સદર રેશનકાર્ડ બાબતે અમોને કોઈ જાત માહીતી નથી. પુછતા જણાવુ છુ કે વાંકાનેર મુકામે હુ છેલ્લા એક વર્ષથી નાયબમામલતદારના હોદ્ધા પર ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે સદર દસતાવેજ પર કોઈપણ માણસની સહી નથી.

**(૮.૧૦)** ફરિયાદ પક્ષે આંક-૨૮૩ થી મહેશભાઇ કાંતિલાલ પટેલ નાઓને

તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, હાલનો બનાવ વર્ષ ૨૦૧૮મા બનેલ બનાવ વખતે ત્યારે હુ વલસાડ ખાતે જમીનની દલાલી કરતો હતો તે વખતે નીતીનભાઈ ભાણાભાઈ નાઓ સાથે મારે પરીચય થયેલ અને હાલના બનાવમા ઓઝર ગામની જમીન હતી જે જમીન વેચવાની હોય તે બાબતે મે મારા મીત્ર આરીફભાઈને જણાવેલ અને આ જમીન બાબતે બાદમા મને કોઈ જવાબ મળેલ નહી અને આરીફભાઈએ પણ મને આ બાબતે કોઈ પુછપરછ કરેલ નહી અને ત્યારબાદ મને વલસાડ સીટી પોલીસે બોલાવેલ અને આ બનાવ બાબતે મારી પુછપરછ કરેલ આ સીવાય બનાવ બાબતે મને કોઈ જાણ નથી હુ આરોપીઓને ઓળખતો નથી. સદર સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષને સમર્થનકારી હકીકત જણાવતા નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ બાબતે મને કોઇ જાત માહિતી નથી એ વાત ખરી છે કે પોલીસે મારી પાસેથી કોઇ કાગળ જપ્ત કરેલ નથી કે મે આપેલ નથી.

**(૮.૧૧)** ફરિયાદ પક્ષે આંક–૩૦૪ થી નાગભાઇ કેશુભાઇ કામળિયા નાઓને તપાસેલ છે તેઓએ પોતાના જુબાનીમાં જણાવ્યું છે કે, ગત વર્ષ ૨૦૧૭–૨૦૧૮મા અમો વલસાડ સીટી પો સ્ટે ખાતે પી.આઈ તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા ૩૦/૧૦/૨૦૧૭ના રોજ ફરીયાદી કુમી એરચ શા મહેતા નાઓના પાવરદાર તરીકે રોશન કે કી શ્રોફ નાઓએ જીલા પોલીસ વડા વલસાડન નાઓને સંબોધીને એક ફરીયાદ અરજી સ્વરૂપે આપેલ જે ફરીયાદ અનુસંધાને જે તે સમયે ચા એલ.સી.બી પી.આઈ એમ. એમ. સરવૈયા નાઓ હતા જેઓએ અરજી અનુસંધાને તપાસ કરતા અરજીમા જણાવ્યા મુજબ ગુનો જોતા ફરીયાદીની જમીન, મોજે ઓજર તા.જી. વલસાડ ખાતે આવેલ હોય તે ખેતીની જમીન પચાવી પડાવાના બદઈરાદા સાથે ખોટા ઓળખ કાર્ડ બનાવી ખોટા બેંક એકાઉન્ટ બનાવી ફરીયાદીના નામની ખોટી સહીઓ કરી ફરીયાદીની જમીનનો ખોટો દસ્તાવેજ બનાવી તથા તેના આધારે રેવેન્યુ રેકર્ડ દફતરે આરોપીઓના નામ ચડાવી વીગેરે મુજબનુ ગુનાહીત કુત્ય કરેલાની ફરીયાદ હોય જેના આધારે સબરજીસ્ટ્રાર ની કચેરીમા તપાસ કરતા સબરજીસ્ટ્રારનુ નીવેદન નોંધતા તથા

ગુનાના કામે લાગુ સાહેદોન. નીવેદનો લીધેલ તેમજ જમીન માલીક કુમી એરચ શા મહેતા નાઓનુ નીવેદન જોતા પ્રથમ દ્રષ્ટીએ ગુનો બનેલાનુ જણાયેલુ જેના અનુસંધાને પાવરદાર ફરીયાદી રોશન કેકી ફીરોજ શા નાઓએ તા ૧૮૪/૨૧૮ ના રોજ વલસાડ સીટી પોલીસ સ્ટેશન આવી વલસાડ સીટી પોલીસ સ્ટેશન ગુના નં. ફસ્ટ ૫૬/૨૦૧૮ ઈપીકો કલમ ૪૬૫, ૪૬૭,૪૬૮, ૪૭૧, ૧૨૦બી તથા ૧૧૪ મુજબની વીગતવારની ફરીયાદ તેમના લખાવ્યા મુજબની અમો રૂબરૂ લખેલી જેની ટુંકમા હકીકત જોતા મુળ ફરીયાદી ની જમીન જે મોજે ઓજર ગામે બ્લોક નં. ૨૭૮ થી. આવેલી અને તેઓ ભણેલા હોય એલ.આઈ.સી. મા એજન્ટ તરીકે કામ કરતા હતા અને જાતે સહી કરી શકતા હતા આ ખેતીની જમીન આરોપીઓએ ભેગા મળી પચાવી પાડવાના

બદઈરાદા સાથે ખોટા ઓળખ કાર્ડ બનાવી ખોટા બેંક એકાઉન્ટ બનાવી ફરીયાદીના નામની ખોટી સહીઓ કરી ફરીયાદીની જમીનનો ખોટો દસ્તાવેજ બનાવી તથા તેના આધારે રેવેન્યુ રેકર્ડ દફતરે આરોપીઓના નામ ચડાવી વીગેરે મુજબનુ ગુનાહીત કુત્ય કરેલ તથા ખોટો વેચાણ દસ્તાવેજ બનાવેલો હોય જેમા વેચનાર તરીકે અંગુઠાનું નીશાન હોય ખરી હકીકતએ મુળ માલીક સહી કરતા હોય તથા મુળ જમીન માલીકના નામના રેશન કાર્ડ, આધાર કાર્ડ ખોટી રીતે બનાવી સબરજીસ્ટ્રાર સમક્ષ રજુ કરેલા હોય વીગેરે મતલબની ફરીયાદ અમારા રૂબરૂ કરવામાં આવેલી મને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જેમા ફરીયાદીની તથા રૂબરૂ તરીકે અમોની સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજૂ દાખલ આંક-૩૦૫ આપવામા આવે છે અમોની જાણ મુજબ ફરીયાદીનુ અવસાન થયેલ છે બાદમા આ ગુનાની તપાસ અમોને વલસાડ સીટી પો.સ્ટે. અમલદાર તરફ થી લેખીત યાદી થી મળેલ જે અસલ યાદી આજરોજ રજુ કરૂ છુ જેને રજૂ દાખલ આંક-૩૦૬ આપવામા આવે છે અમોએ ગુનાના કામની તપાસ સંભાળેલ ગુનાના કામે અમોએ તા.૧૮/૪/૨૦૧૮ ના રોજ આરોપી પંકજભાઈ ચીતરંજન દેસાઈ, મેઘાબેન પંકજભાઈ દેસાઈ, નારણભાઈ દામજીભાઈ તથા રસીકભાઈ બેચરભાઈ બોડા નાઓની પંચો રૂબરૂ અટક કરેલ જે અસલ પંચનામું આજરોજ રજુ કરૂ છુ જેમા પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક-૩૦૭ આપવામા આવે છે આ બંને પંચોનુ અવસાન થયેલ છે તથા આરોપી વિશાભાઈ જુસબભાઈ રાઠોડ નાઓની પંચો રૂબરૂ અટક કરેલી જેમા પંચો ની તથા રૂબરૂ તરીકે અમારી સહી છે જે

ઓળખી બતાવુ છુ જે બંને પંચોનુ અવસાન થયેલ છે જે અસલ પંચનામું આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૦૮ આપવામાં આવે છે તથા તા ૨૨/૪/૨૦૧૮ ના રોજનું વેચાણ દસ્તાવેજ નંબર ૪૮૧૯/૨૦૧૭ પંચો રૂબરૂ કબજે કરેલો જેમા વેચાણ લેનાર તરીકે પંકજ ચીતરંજન દેસાઈ તથા નારણભાઈ દામજીભાઈ કાસુંદ્રા તથા વેચાણ આપનાર તરીકે બાઈ કુમી એરચશા મહેતા દર્શાવેલ છે. જેમા વેચાણ આપનાર તરીકે બાઈકુમી એરચશાના જમણા હાથના અંગુઠાનું નીશાન તથા આરોપી વીશા જુસબ રાઠોડની ઓળખ આપનાર તરીકે ટુંકી સહી છે તથા સાક્ષીઓ તરીકે રસીક બી બોડા તથા મેઘા બી પટેલ તથા વીરમ પ્રાગજીભાઈ ધાડુકીયાના અગુઠાનું નીશાન કરેલ છે તેમજ મહેતા બાઈ કુમી એરચશાના રેશન કાર્ડની નકલ તથા એક આધાર કાર્ડ જે બાઈ કુમી એરચશા મહેતા ના નામનો જેમા જન્મ તા ૨૭/૮/૧૯૪૨ આધાર કાર્ડ નં ૪૬૮૦૪૨૪૩૫૬૪૧ હતો તે પંચો રૂબરૂ કબજે કરેલો જેમા પંચોની તથા રૂબરૂ તરીકે અમોની સહી છે જે ઓળખી બતાવુ છુ જે અસલ પંચનામુ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૦૯ આપવામા આવે છે. આ બંને પંચોનુ અવસાન થયેલ છે તથા તા ૨૩/૪/૨૦૧૮ ના રોજ આરોપી અનીસઅલી રમ્જાન અલી તથા નુરમહોમદ ઉર્ફે કાળુ તથા હનીફા તે હુસેન ઈશાક ગાધની વીધવા નાઓની પંચો રૂબરૂ અટક કરેલ જે અસલ પંચનામું આજરોજ રજુ કરૂ છુ જેને રજૂ દાખલ આંક–૩૧૦ આપવામાં આવે છે જે બંને પંચોનુ અવસાન થયેલ છે તથા ગુનાના કામે લાગુ સાહેદોના નીવેદન નોંધેલા તથા ગુનાના કામે જરૂરી પુરાવા મેળવેલા જેમા ફરીયાદીનુ ખોટૂ નામ ધારણ કરેલ અને પોતાનો ફોટો લગાડી બેંક એકાઉન્ટ ખોલાવેલ તે યુનીયન બેંકની પાસબુકની વીગત ખરી નકલ મેળવેલ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૧ આપવામાં આવે છે તથા મુળ ફરીયાદીના નામનો ખોટો આધાર કાર્ડ બનાવેલો જેમા ફોટો આરોપીનો હોય જેની નકલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૨ આપવામા આવે છે તથા ફરીયાદી બાઈ કુમી એરચશાના નામનો ખોટો રેશન કાર્ડ બનાવેલ જેમા સરનામું જોતા ગામ અમરાપર તા.જી. મોરબી નાઓનુ જણાવેલ હોય જેની નકલ મેળવી કામમા રજુ રાખેલ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૩ આપવામાં આવે છે તથા ગુનાના કામે મોરબી નગરપાલીકા તેમજ મામલતદારશ્રી વાંકાનેર નાઓ પાસેથી જરૂરી કાગળો મેળવવા અરજી કરેલ તથા વેચાણ આપનાર તરીકે બાઈ કુમી એરચશાની ખોટી

સહી કરનાર આરોપી હનીફા ગાધ નાઓના ચુંટણી કાર્ડની નકલ મેળવી કામમા રજુ રાખેલ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૪ આપવામાં આવે છે. આરોપી હનીફા ગાધ નાઓના રેશન કાર્ડની નકલ મેળવી કામમા રજુ રાખેલ જે આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૫ આપવામાં આવે છે તથા તા ૦૧/૦૧/૨૦૧૮ ના રોજ બાઈ કુમી એરચશા નાઓનુ મોરબી ખાતે અવસાન થયેલ હોય તે બાબતનો ખોટો મરણનો દાખલો રજુ કરેલ હોય જેની નકલ આજરોજ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૩૧૬ આપવામાં આવે છે. આમ તમામ આરોપીઓએ ભેગા મળી મોજે ઓજર તા.જી. વલસાડ ખાતે મુળ ફરીયાદીની ખેતીની જમીન આવેલ હોય અને ફરીયાદી મુંબઈ મુકામે રહેતા હોય તેઓની જાણ બાર તેઓના ખોટા નામ તથા પુરાવા ધારણ કરી તેઓની જમીન નો ખોટો વેચાણ દસ્તાવેજ કરી ફરીયાદીની જમીન પચાવી પાડવાનુ કુત્ય કરેલ હોય જે અંગે આરોપીઓ વીરૂધ્ધ પુરતા પુરાવા પડતા આરોપીઓ વીરૂધ ચાર્જશીટ કરેલ આરોપીઓને જોયે ઓળખુ છુ આરોપીઓ તર્ફે હાજરીમાફીનો રીપોર્ટ હોય ઓળખ અંગે તકરાર નથી.

સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલ **<u>ઉલટતપાસમાં</u>** સાહેદે સ્વિકારેલ છે કે, હાલના કામે ફરીયાદીની ફરીયાદ તથા પંચનામા મારી દ્વારા લેવામા આવેલ તથા સાહેદોના નીવેદનો પણ મારી દ્વારા લેવામાં આવેલ. એ વાત ખરી છે કે ચાર્જશીટ પણ અમો દ્વારા કરવામાં આવેલ. એ વાત ખરી છે કે અમો દ્વારા હાલના કામે પંચનામુ કરી અસલ પાવર ઓફ એટર્ની કબજે કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હાલના કામે રજુ થયેલ નકલ એસ.આઈ.ટી દ્વારા તપાસ કરી કબજે કરેલ અને અમોને સોંપવામા આવેલ. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ દાખલ થતા પહેલા સદર ગુના બાબતે અરજી થયેલી. પુછતા જણાવુ છુ કે મીલકતના મુળ માલીક કુમીબેન એરચશા મહેતા હાલ જીવે છે કે કેમ તે હુ કહી શકુ નહી પરંતુ તેઓના નીવેદન તપાસ દરમ્યાન અમો દ્વારા લેવામા આવેલ છે. મને આંક–૨૬૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ બતાવામા આવે છે જે જોઈને હુ કહુ છુ કે એ વાત ખરી છે કે સદર દસ્તાવેજ સાથે જોડવામા આવેલ વેચાન લેનારના આધાર કાર્ડ તથા ચુંટણી કાર્ડ સાચા છે. પુછતા જણાવુ છુ કે સદર દસ્તાવેજ સાથે રજુ થયેલ અર્વે નં ૨૭૮ વાળી જમીનનો ૭ /૧૨ ની નકલ સાચી છે કે ખોટી તે હાલ હુ જોઈને કહી શકુ નહી. એ વાત ખરી છે કે સદર દસ્તાવેજ સાથે રજુ

થયેલ સાક્ષી મેઘના પંકજભાઈ દેસાઈના આધાર કાર્ડની નકલ સાચી છે. એ વાત ખરી છે કે સદર દસ્તાવેજમા વેચાણ આપનારના અંગુઠાના નીશાનને ઓળખી બતાવનાર આરોપી નં. ૫ વીશાભાઈ જુસબભાઈ રાઠોડ છે. એ વાત ખરી છે કે હાલના કામે અમો દ્વારા તપાસ દરમ્યાન ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૬૫–બી હેઠળનુ કોઈ સર્ટીફીકેટ મેળવીને રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે વેચાણ લેનાર દ્વારા ચુકવવામાં આવેલ રકમ રૂપીયા દસ લાખ વેચાણ આપનાર પાસેથી રીકવર કરી હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે. કે વેચાણ લેનાર આરોપી નં.૦૧ તથા ૦૩ ના દસ્તાવેજોને જપ્ત કરી તેની ખરાઈ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે આ કામના આરોપી નં. ૦૧ અને ૦૩ કે જેઓ દસ્તાવેજમા વેચાણ લેનાર હતા તેઓ દ્વારા કોઈ ખોટો દસ્તાવેજ બનાવામાં આવેલ હોય કે ખોટા દસ્તાવેજ નો કોઈપણ રીતે ઈસ્તેમાલ કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે ફરીયાદ મારી રૂબરૂ લેવામા આવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદમા તા.૨૯/૦૯/૨૦૧૭ ના રોજ ગુનો બન્યા તારીખ જણાવેલ છે અને ગુનો જાહેર થયા તા. ૧૮/૦૪/૨૦૧૮ ના રોજની જણાવેલ છે. એ વાત ખરી છે કે હાલની ફરીયાદ છ મહીના કરતા વધુ સમય મોડી આપવામા આવેલ છે. સાહેદ જણાવે છે કે પોલીસ અધીક્ષક શ્રી દ્વારા સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમ રચી સદર ગુનાની પ્રાથમીક તપાસ કરવામા આવેલ અને ગુનો બનેલ હોવાનુ જણાય આવતા પછી હાલની ફરીયાદ આપવામાં આવેલ જેથી સદર વીલંબ છે. એ વાત ખરી છે કે ફરીયાદમા થયેલ વીલંબ બાબતનો કોઈ ખુલાસો ફરીયાદી દ્વારા તેઓની ફરીયાદમા કરવામા આવેલ નથી. પુછતા જણાવુ છુ કે હાલની ફરીયાદ ફરીયાદીના લખાવ્યા પ્રમાણે પોલીસ દ્વારા તૈયાર કરવામા આવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ મારી સમક્ષ લીધેલ હોય સદર તપાસ કરવા માટે ઉપલી અધીકારી પાસે કોઈ પરવાનગી લેવામા આવેલ નથી. સાહેદ જણાવે છે કે સદર ફરીયાદ દાખલ કરવા માટે ઉપલી અધીકારી દ્વારા સુચના આપવામા આવેલ હોય અમોએ તે સુચના મુજબ ફરીયાદ દાખલ કરેલ. પુછતા જણાવુ છુ કે સદર સુચના અમોને મૌખીક રીતે આપવામા આવેલ. સાહેદ જણાવે છે કે સદર સૂચના અમોને ઉપલી અધીકારી દ્વારા સીધી રીતે મળેલ નથી પરંતુ અધીકારીશ્રી દ્વારા એલ.સી.બી.ને સુચના આપવામા આવેલ અને એલ સી બીએ અમોને મૌખીક જાણ કરેલ. એ વાત ખરી છે કે હાલના

કામની તપાસ અમોને સોંપવામા આવેલ હોય તે બાબતનો કોઈ લેખીત આધાર પુરાવો રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે ઓઝર ગામે બ્લોક નં ૨૭૮ બાબતે ઓઝર ગામના તલાટી કે સરપંચનો કે કોઇ માહીતગાર વ્યકતીનો કે રહીશનો કોઈ જવાબ કે નીવેદન નોંધવામા આવેલ નથી. એ વાત ખરી છે કે હાલના કામે બનાવવાળી મીલકતનો હકપત્રક–૬ પંચનામુ કરી કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે ગુનાવાળી મીલકત નુ કોઈ પંચનામું કરવામા આવેલ નથી. એ વાત ખરી છે કે વીવાદીત દસ્તાવેજ કે જેનો નં ૪૮૧૯/૨૦૧૭ છે તેને રદ્દ કરવા બાબતનો દીવાની કોર્ટમા સ્પે. દીવાની મુ. નં. ૩૬/૨૦૧૭ થી દાવો દાખલ કરવમા આવેલ છે.એ વાત ખરી છે કે હાલની ફરીયાદ મીલકત ને લાગતી હકીકત બાબતની ફરીયાદ છે. એ વાત ખરી છે કે ફીરોઝ રૂષી શ્રોફ નુ નીવેદન પીઆઈ શ્રી એમ એમ સરવૈયા દ્વારા લેવામા આવેલ છે. એ વાત ખરી છે કે મારે ફીરોજ રૂષી શ્રોફ સાથે મુલાકાત થયેલી. પુછતા જણાવુ છુ કે ફીરોજ રૂષી શ્રોફ આંખે જોઈ શકતા ન હતા કે કેમ તે હાલ મને યાદ નથી અને મે શ્રી એમ.એમ. સરવૈયા સાહેબને તે બાબતે પુછેલ પણ નથી. એ વાત ખરી છે કે ફીરોજ રૂષી શ્રોફના નીવેદનમા તે વાતનો ઉલેખ નથી કે તેઓ આંખે જોઈ શકતા નથી. એ વાત ખરી છે કે ફીરોજ રૂષી શ્રોફ ફરીયાદીનો ભત્રીજો થાય છે અને હાલના કેસ માટે અગત્યના સાહેદ ગણી શકાય. <u>પ્રશ્ન : સબરજીસ્ટ્રાર શ્રી વલસાડ ની કચેરીમાથી પંચનામુ કરી જે દસ્તાવેજો જપ્ત કરેલ છે તે કોર્ટને બતાવી શકો?</u> જવાબ– અમો દ્વારા સબ રજીસ્ટ્રાર શ્રી ની કચેરી વલસાડમાંથી પંચનામુ કરી કોઇ દસ્તાવેજ કે રજીસ્ટર કે વીડીયો રેકોર્ડીંગ કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે સબરજીસ્ટ્રા કચેરીમાંથી સબરજીસ્ટ્રાર સીવાય અન્ય કોઈ કર્મચારી કે જેઓએ દસ્તાવેજ કરાવવામાં સહકાર આપેલ હોય તેવા કલાર્ક કે કારકુન નુ નીવેદન હાલના કામે લેવામા આવેલ નથી. પુછતા જણાવુ છુ કે એમ.એમ. સરવૈયા સાહેબ દ્વારા લેવામા આવેલ સબરજીસ્ટ્રારશ્રીના નીવેદનમા તેઓએ જણાવેલ છે કે "દસ્તાવેજની કાર્યવાહી કરી તેમના ફોટોગ્રાફ તથા તેમજ તેની ઓળખ માટે રજુ થયેલ સાક્ષીઓના ફોટોગ્રાફ અને અંગુંઠાની ઓળખ લઈ વેચાણ આપનાર માણસ સાચો છે તેવી સાક્ષીઓએ ખાત્રી આપતા રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં BLS/4819/12/36/2017 થી નોંધણી કરેલ તે બાબતે હું કહી શકું નહી એ વાત ખરી છે કે તપાસ દરમ્યાન આરોપીઓના ૩૬ સહીના નમુના પંચનામુ કરી લીધેલ હોય

તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે કોઈપણ દસ્તાવેજ હેન્ડરાઈટીંગ એક્ષપર્ટને મોકલવામા આવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મામલતદાર કચેરી વાંકાનેર મુકામેથી પંચનામુ કરી કોઈપણ દસ્તાવેજ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મોરબી નગરપાલીકા ઓફીસ મુકામેથી પંચનામુ કરી કોઈપણ દસ્તાવેજ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે મોરબી યુનીયન બેંક ઓફ ઈન્ડીયાની શાખા મુકામેથી પંચનામુ કરી કોઈપણ દસ્તાવેજ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે અમોએ જે કાગળો કબજે કરેલા તે તપાસ અર્થે એફ.એસ.એલ. મુકામે મોકલવામા આવેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

(૦૯) ફરીયાદપક્ષે રેકર્ડ પર રજુ થયેલ પુરાવાનું અવલોકન અને મુલ્યાંકન કરતા, ફરિયાદી પક્ષે આરોપીઓ વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ–૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૨૦–બી તથા ૧૧૪ હેઠળ આરોપ મુકેલ છે, જેમાં દસ્તાવેજોની ખોટી બનાવટ, ફરિયાદીની માસી બાઈકુમી એરચશા રસુલશા મહેતાનું વ્યક્તિત્વ ખોટું ધારણ કરવું, મોરબી સરનામું ધરાવતા ખોટા આધારકાર્ડ તથા રેશનકાર્ડ બનાવવા, વલસાડ જિલ્લાના ઓઝર ગામે આવેલ બ્લોક નં.૨૭૮ની જમીનનો ખોટો વેચાણ દસ્તાવેજ કરવો તથા ખોટું મરણ પ્રમાણપત્ર મેળવીને મિલકતનો હક સ્થાપિત કરવાની કાવતરાકીય યોજના બનાવી આરોપીઓએ મળીને ફરીયાદીના સંબંધીને ખોટુ નુકશાન પહોંચાડીને પોતાનો ખોટો લાભ થવાના હેતુથી કાવતરું રચેલ હોવાનો આરોપ છે. આ તબક્કે પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા કાયદાકીય જોગવાઈઓ વંચાણે લેવી જરૂરી જણાઈ આવે છે જે નીચે મુજબ છે.

**Section 465** The Indian Penal Code — Punishment for forgery. Whoever commits forgery shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**Section 467** The Indian Penal Code — Forgery of valuable security, will, etc. Whoever forges a document which purports to be a valuable security or a will, or an authority to adopt a son, or which purports to give authority to any person to make or transfer any valuable security, or to receive the principal, interest or dividends thereon, or to receive or deliver any money,

moveable property, or valuable security, or any document purporting to be an acquittance or receipt acknowledging the payment of money, or an acquittance or receipt for the delivery of any valuable security or other property, shall be punished with imprisonment for life, or with imprisonment of either description for a term which may extend to ten years, and shall also be liable to fine.

**Section** 468 The Indian Penal Code — Forgery for purpose of cheating. Whoever commits forgery, intending that the document forged shall be used for the purpose of cheating, shall be punished with imprisonment of either description for a term which may extend to seven years, and shall also be liable to fine.

**Section** 471 The Indian Penal Code — Using as genuine a forged document or electronic record. Whoever fraudulently or dishonestly uses as genuine any document or electronic record which he knows or has reason to believe to be a forged document or electronic record, shall be punished in the same manner as if he had forged such document or electronic record.
Section 120B The Indian Penal Code — Punishment for criminal conspiracy. Whoever is a party to a criminal conspiracy to commit an offence punishable with death, imprisonment for life or rigorous imprisonment for a term of two years or upwards, shall, where no express provision is made in this Code for the punishment of such a conspiracy, be punished in the same manner as if he had abetted such offence.

**Section** 114 The Indian Penal Code — Abettor present when offence is committed. Whenever any offence is committed, if the abettor is present at the time of the commission of the offence, he shall be deemed to have committed such offence.

(૧૦) ભારતીય ફોજદારી કાયદાશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત છે કે ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધ ફરમાવવામાં આવેલ તહોમતને પુરવાર વાજબી શંકાથી પર રહી સાબિત કરવાનો હોય છે જેનો સમગ્ર ભાર ફરીયાદપક્ષ ઉપર હોય છે. ચાર્જશીટ દાખલ થયેલ હોય અથવા ફરીયાદપક્ષ દ્વારા ઘણા દસ્તાવેજી પુરાવા કે સાહેદોને તપાસવાથી આરોપીને નિર્દોષ હોવાની ધારણા નાશ પામતી નથી. હાલના કામે ફરીયાદીની જુબાની સાધનિક પુરાવો વંચાણે લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે જાણસાજી ખરેખર કોના દ્વારા કરવામાં આવેલ હતી તેની તેઓને કોઈ વ્યક્તિગત જાણ નહોતી. તેઓ વધુમાં સ્વીકારે છે કે, તેઓની જાણકારી માત્ર અનુમાન અને પછીની તપાસ ઉપર આધાર રાખે છે. તેઓ વધૂમાં સ્વીકારે છે કે, મુખ્ય રીતે કાવતરું કરનાર આજદિન સુધી પકડાયા

નથી. વધુમાં તેઓ જણાવે છે કે, મોરબીના રસિકભાઈ અને વીસાભાઈ વિશેની વાત સંપૂર્ણપણે સાંભળ્યા ઉપર આધાર રાખે છે. સદર સાહેદની જુબાની જોતા તેઓ જણાવે છે કે **"એ વાત ખરી છે કે આ પંકજભાઈ દેસાઈનું આધારકાર્ડ મને આંખે દેખાતુ નથી એટલે જોવામાં આવેલ નથી"** જેથી સ્પષ્ટપણે સાબિત થાય છે કે તેઓને આંખે દેખાતુ નથી પરંતુ તેઓ તેઓની સરતપાસમાં જણાવે છે કે **"દસ્તાવેજો જોતા તેમા જે ફોટોગ્રાફ લગાવવામાં આવેલ ફોટો ખોટો હતો. તેમજ જે જમણા હાથના અંગુઠાનુ નીશાન હતુ તે પણ ખોટુ જણાઈ આવેલું."** જેથી સાહેદ સદર વિગત સાચી જણાવે છે તેવું માની શકાય નહી. વધુમા સાહેદ સ્વીકારે છે કે તેઓ જે સેમ્પલ સહી તેઓના ફોઈ – મૂળ માલિક પાસેથી લાવેલા તે પોલીસ સ્ટેશનમાં ખરાઈ માટે આપવામાં આવેલ હતી પરંતુ સદર સેમ્પલને એફ.એસ. એલમાં પૃથ્થકરણ માટે મોકલવામાં આવેલ નથી જેથી સદર સહીઓ ખોટી હતી કે કેમ તેવુ સામાન્ય રીતે કહી શકાય નહી. જેથી કોર્ટ એવા તારણ પર પહોંચે છે કે ફરીયાદી દ્વારા આરોપીઓને દોષિત ઠેરવે અને ફરીયાદપક્ષના કેસને સમર્થન થાય તેવા સ્વીકાર્યપૂર્ણ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં, હાલના કેસમાં કથિત સેલડીડ રજીસ્ટર કરનાર વલસાડના સબરજીસ્ટ્રારશ્રીને આંક – ૨૫૯ થી તથા ઈ–ધરા ના નાયબ મામલતદારને આંક – ૨૨૪ થી તપાસવામાં આવેલ છે. સદર સાહેદોની જુબાની વંચાણે લેતા સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે સદર સાહેદો દ્વારા તેઓની કામગીરી દરમ્યાન વેચાણ લેનાર અને વેચાણ આપનારના દસ્તાવેજોની ચકાસણી કરી દસ્તાવેજ રજીસ્ટર કરવામાં આવેલ અને સદર પ્રક્રિયામાં વ્યક્તિઓનો બાયોમેટ્રીક સિસ્ટમમાં એલ. આર. સી કરવામાં આવેલ. બંને સાક્ષીઓ સ્વીકારે છે કે તપાસ કરનાર અધિકારી દ્વારા કથિત સેલડીડ કે અન્ય કોઈપણ દસ્તાવેજ કે રેવન્યુ રેકર્ડ પંચનામું કરી કબ્જે કરવામાં આવેલ નથી. સાહેદ વધુમાં સ્વીકારે છે કે જો બાયોમેટ્રીકની ચકાસણી ન થયેલ હોય કે દસ્તાવેજો ખોટા લાગતા હોય તો દસ્તાવેજ રજીસ્ટર કરવામાં આવતા નથી. તેઓ વધુમાં સ્વીકારે છે કે તેઓને બનાવની જાણ પોલીસ દ્વારા પાછળથી કરવામાં આવી. સદર સાહેદોની જુબાની ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપતી નથી.

**(૧૧)** તેવી જ રીતે જ્યારે આંક – ૧૭૮ થી તથા આંક – ૨૭૧ થી નોંધવામાં આવેલ મોરબી મુકામે જન્મ મરણ વિભાગમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતા સાહેદની

જુબાની વંચાણે લેવામાં આવે તો સદર સાહેદ તેઓની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે, તેઓને ત્યાં સ્થાપિત કાર્યવાહી કરી, દસ્તાવેજોની ખરાઈ કરી મરણનો દાખલો કાઢી આપવામાં આવેલ હતો. તેઓ વધુમાં જણાવે છે કે સદર મરણનો દાખલો દિલીપભાઈ પરમારના કહેવાથી કાઢવામાં આવેલ પરંતુ ફરીયાદપક્ષ દ્વારા દિલીપભાઈ પરમારને સાહેદ તરીકે જોડવામાં આવેલ નથી કે તેઓનું નિવેદન પણ નોંધવામાં આવેલ નથી. સાહેદ વધુમાં સ્વિકારે છે કે પોલીસે તેઓના રૂબરૂ પંચનામું કરી કોઈ દસ્તાવેજ કબજે કરેલ નથી. વધુમાં સાહેદના જણાવ્યા પ્રમાણે ઓફીસમાં સીસીટીવી લગાડેલ છે છતાં કોઈ સીસીટીવી રજુ કરવામાં આવેલ નથી. જુબાની જોતા સ્પષ્ટપણે ફલિત થાય છે કે સાહેદએ ફક્ત તેઓના ઉપરી અધિકારીના કહેવાથી મરણનો દાખલો કાઢી આપેલ. તેઓને બનાવ અથવા ખોટા દસ્તાવેજ હોવાની કોઈ માહિતી નથી. તેઓ જણાવે છે કે આરોપી નં. ૫ દ્વારા મરણનો દાખલો કઢાવવામાં આવેલ હતો પરંતુ સદર દાખલો ખોટો હતો તે બાબતની પુષ્ટિ સાહેદ કરતા નથી. જેથી સદર જુબાની જોતા કોઈપણ રીતે આરોપીઓએ ખોટા દસ્તાવેજ બનાવેલ હોઈ, છેતરપીંડીના હેતુ માટે બનાવટી દસ્તાવેજ વાપરેલ હોઈ અને બનાવટી દસ્તાવેજ ખરુ તરીકે વાપરેલ હતું તે પુરવાર થતુ નથી જેથી કોર્ટ એવા તારણ ઉપર પહોંચે છે કે સદર જુબાની આરોપીઓ વિરુધ્ધનો ગુનો પુરવાર કરવામાં લેશમાત્ર પણ સમર્થનકારક નથી. વધુમાં આંક – ૨૪૦ થી તપાસવામાં આવેલ સાહેદ, કે જેઓ જે તે સમયે મોરબી નગરપાલિકામાં કાઉન્સેલર તરીકે ફરજ બજાવતા હતા, પોતાની જુબાનીમાં સ્વીકારે છે કે તેઓને એ વાતની જાણ નથી કે કોનો મરણનો દાખલો મેળવવા માટે તેઓની સહીનો ઉપયોગ કરવામાં આવેલ નથી. વધુમાં તેઓ જણાવે છે કે પોલીસ દ્વારા લેટરપેડ ઉપર તેઓની સેમ્પલ સહી લેવામાં આવેલ જે હાલના કામે આંક – ૨૧૪ થી રજુ કરેલ છે. સદર દસ્તાવેજ અને સાહેદની જુબાની ધ્યાને લેતા સ્પષ્ટપણે ફલિત થાય છે કે સદર સહીના ૩૬ સેમ્પલ લઈ એફ.એસ.એલ. માં કે હેન્ડરાઈટીંગ એક્સપર્ટને તપાસ કરનાર અધિકારી દ્વારા મોકલવામાં આવેલ નથી જેથી કથિત મરણનો દાખલામાં સહી ખોટી હતી કે કેમ તે પુરવાર થતું નથી. સાહેદની જુબાની વંચાણે લેતા પુરવાર થાય છે કે પોલીસે તેઓના લખાવ્યા મુજબના નિવેદન નોંધેલ નથી અને સાહેદ કોઈપણ આરોપીને ઓળખતા પણ નથી. વધુમાં, સાહેદને બનાવ બાબતની તથા તેઓના

નિવેદન વિષયમાં કોઈ માહિતી નથી. જેથી સદર જુબાની પર આધાર રાખી આરોપીઓને કહેવાતા ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૨)** ત્યારપછી આંક – ૨૫૨ થી તથા આંક – ૨૮૩ થી તપાસવામાં આવેલ સાહેદોની જુબાની વંચાણે લેતા તેઓ સ્વીકારે છે કે તેઓને બનાવ બાબતની કોઈ માહિતી નથી અને તેઓ આરોપીઓને ઓળખતા નથી. તેઓ વધુમાં જણાવે છે કે આરોપીઓએ કોની પાસેથી જમીન મેળવેલી તે વાતની તેઓને કોઈ જાતમાહિતી નથી અને સ્વીકારે છે કે બનાવની જાણ તેઓને પોલીસ દ્વારા કરવામાં આવેલ હતી જેથી સદર સાહેદની જુબાની ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર પણ સમર્થન આપતી નથી. વધુમાં આંક – ૨૮૧ થી તપાસવામાં આવેલ વાંકાનેર, મોરબી ખાતે નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા સાહેદની જુબાની વંચાણે લેવામાં આવે તો તેઓ સ્વીકારે છે કે કથિત રેશનકાર્ડ ઓનલાઈન સિસ્ટમમાં નોંધાયુ હતુ, દસ્તાવેજમાં કોઈપણ માણસની સહી નથી અને તેઓને બનાવ બાબતની કોઈ માહિતી નથી. જેથી સદર જુબાની પર આધાર રાખી આરોપીઓને કહેવાતા ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૩)** વધુમાં આરોપીઓ વિરુધ્ધના આક્ષેપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષ દ્વારા આ કામના તપાસ કરનાર અધિકારીને આંક  – ૩૦૪ થી તપાસેલ છે. સદર સાહેદ તેઓની જુબાનીમાં સ્વીકારે છે કે હાલના કામે ફરીયાદ તથા પંચનામું તેઓ દ્વારા નોંધવામાં આવેલ છે. તેની સાથે હાલની ફરીયાદની તપાસ પણ તેઓ દ્વારા કરવામાં આવેલ છે. વધુમાં, તેઓ તેઓની ઉલટતપાસમાં સ્વીકારે છે કે આંક – ૨૬૧ થી રજુ થયેલ વેચાણ દસ્તાવેજ સાથે જોડવામાં આવેલ વેચાણ લેનારના દસ્તાવેજો સાચા છે. જેથી હાલના આરોપી નં. ૧,૩ અને સાક્ષી – આરોપી નં.૨ ની સંડોવણી પુરવાર થતી નથી. વધુમાં, તેઓ ઉલટતપાસમાં સ્વીકારે છે કે "**એ વાત ખરી છે કે વેચાણ લેનાર દ્વારા ચુકવવામાં આવેલ રકમ રૂપીયા દસ લાખ વેચાણ આપનાર પાસેથી રીકવર કરી હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે. કે વેચાણ લેનાર આરોપી નં.૦૧ તથા ૦૩ ના દસ્તાવેજોને જપ્ત કરી તેની ખરાઈ બાબતે કોઈ તપાસ કરવામાં આવેલ નથી**" જેથી કોર્ટ એવું માને છે કે તપાસ કરનાર અધિકારીની તપાસ અધુરી અને ક્ષતિભરેલી છે. જ્યારે બનાવ ખોટા દસ્તાવેજ ઉપર આધાર રાખતો હોઈ ત્યારે તપાસમાં દસ્તાવેજ જ જપ્ત ન કરવામાં આવે

ત્યારે એવું માની શકાય કે ગુનાની તપાસ અવ્યવસ્થિત છે. વધુમાં, ફરીયાદમાં ગુનો બન્યાની તારીખ ૨૯/૦૯/૨૦૧૭ જણાવેલ છે જ્યારે હાલની ફરીયાદ ૧૮/૦૪/૨૦૧૮ ના રોજ જાહેર થયેલ છે, સદર ફરીયાદ છ માસ મોડેથી આપવાનું કારણ કે સ્પષ્ટીકરણ ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. સાહેદ વધુમાં સ્વીકારે છે કે તપાસ દરમ્યાન કોઈપણ દસ્તાવેજ પંચનામા કરી કબ્જે કરવામાં આવેલ નથી. જ્યારે કેસ દસ્તાવેજ બાબતનો હોઈ અને દસ્તાવેજ જ જપ્ત કરવામાં ન આવે તો દસ્તાવેજ ખોટા છે કે સાચા અને દસ્તાવેજ ફોર્જર્ડ અને ફેબ્રીકેટેડ છે કે કેમ તે નક્કિ કરી શકાય નહી. તપાસ કરનાર અધિકારી વધુમાં સ્વીકારે છે કે તપાસ દરમ્યાન કોઈપણ આરોપીના ૩૬ સહીના નમુના પંચનામું કરી લીધેલ નથી કે નમુનાને હેન્ડરાઈટીંગ એક્સપર્ટને મોકલવામાં આવેલ નથી. જેથી દસ્તાવેજોમાં ખોટી સહીઓ હતી કે કેમ તે પુરવાર કરવા માટે રેકોર્ડ પર કોઇ પણ પુરાવો રજુ થયેલ નથી. સદર કેસમાં આક્ષેપિત ગુનાઓ ખુબ જ ગંભીર પ્રકારના છે અને તેવા સંજોગોમાં જ્યારે કોઈપણ દસ્તાવેજ કબ્જે કરી એફ.એસ.એલ. માં મોકલવામાં ન્ આવે તો ગુના બાબતની સાચી હકીકત રેકોર્ડ પર આવી શકે નહી અને તેવા સંજોગોમાં આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપ પુરવાર ગણી શકાય નહી.

**(૧૪)** વધુમાં, જ્યારે કેસ સંજોગો આધારિત પુરાવા ઉપરાનો હોઈ એટલે કે સરકમ્સ્ટેન્સિયલ એવીડન્સ ના ઉપર આધાર રાખતો હોઈ ત્યારે ફરીયાદપક્ષની જવાબદારી છે કે તેને સંજોગોની દરેક કડીને પુરાવો રજુ કરી જોડવું પડે. આ તબક્કે નામ. સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા **Sharad Birdhichand Sarda v. State of Maharashtra, AIR 1984 SC 1622** માં ઠરાવેલ સિધ્ધાંતો વંચાણે લેવું જરૂરી જણાઈ આવે છે, જે નીચે મુજબ છે:

> (i) The circumstances from which the conclusion of guilt is to be drawn must be fully established;
> (ii) the facts so established should be consistent only with the hypothesis of the guilt of the accused;
> (iii) the circumstances should be of a conclusive nature and tendency;
> (iv) they should exclude every possible hypothesis except the one to be proved; and
> (v) there must be a chain of evidence so complete as not to leave any reasonable ground for a conclusion consistent with the innocence of the accused and must show that in all human

probability the act must have been done by the accused.

સદર સિધ્ધાંત જોતા ફરીયાદપક્ષની જવાબદારી છે કે આરોપીઓ ગુનાહિત ઈરાદા ધરાવતા હતા, રજુ થયેલ પુરાવા નિર્ણાયક અને સુસંગત છે અને ફક્ત હાલના આરોપીઓ સાથે સંકળાયેલ છે અને રજુ થયેલ તમામ પુરાવા ગુના સાથે સંપુર્ણ રીતે શ્રુંખલાબધ્ધ તથા સળંગ છે તેવુ પુરવાર કરે. પરંતુ હાલના કામે ફરીયાદપક્ષ એ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. ફરીયાદપક્ષ ઉપર જણાવેલ કેસમાં પ્રસ્થાપિત સ્વર્ણિમ પંચશીલ સિધ્ધાંતને હાલના કેસ સાથે જોડીને પુરવાર કરેલ નથી. હાલના કામે ફરીયાદપક્ષ દ્વારા કોઈપણ પ્રત્યક્ષ સાક્ષીને તપાસેલ નથી. તપાસ કરનારની તપાસ સંજોગોને એકબીજા સાથે જોડવામાં નિષ્ફળ રહેલ છે. ફરીયાદપક્ષ દ્વારા ૧૦ થી વધુ સાહેદોને તપાસવામાં આવેલ છે અને ઘણા બધા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે પરંતુ સાક્ષ્ય અધિનિયમનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે રજુ થયેલ પુરાવાઓની ક્વોલિટી જોવાની હોય છે નહી કે રજુ થયેલ પુરાવાની ક્વોન્ટીટી. ફરીયાદપક્ષ માટે અગત્યના કહી શકાય તેવા અધિકાંશ સાહેદો હોસ્ટાઈલ થયા છે અથવા તેઓ બનાવ – આરોપી બાબતે કોઈ માહિતી ધરાવતા નથી. તપાસ કરનાર અધિકારી દ્વારા આરોપીઓની ઓળખ માટે ટેસ્ટ આઈડેન્ટીફીકેશન પરેડ કરાવવામાં આવેલ નથી. મુળમાલિક જીવતા હતા તે તથ્યના આધારે શંકા ઊદ્ભવી હાલના આરોપીઓને ગુનાના કામે જોડવામાં આવેલ છે પરંતુ ફોજદારી જ્યુરીસ્પ્રુડેન્સના સિધ્ધાંત મુજબ શંકા કેટલી પણ મજબુત હોઈ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. વધુમાં, તપાસ કરનાર અધિકારી જાતે ફરીયાદ દાખલ કરનાર પણ છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા વારંવાર ઠરાવવામાં આવેલ છે કે ફરીયાદ દાખલ કરનાર પોલીસ અધિકારી કેસની તપાસ કરી શકે નહિ અને તપાસ અન્ય અધિકારીને આપવી જોઈએ. જે હાલના કામમાં થયેલ નથી. આ તબક્કે બચાવપક્ષ દ્વારા રજુ થયેલ **રૂપ લાલ હલબા વિ. સ્ટેટ ઓફ છતીસગઢ સી. આર.નં.૬૪/૨૦૦૬** તથા **મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ ૨૦૧૮ (૩) ક્રાઈમ્સ ૨૦૧૮ એસ.સી.,** વંચાણે લેવામાં આવે છે જેમાં ઠરાવ્યા મુજબ ફરીયાદ દાખલ કરનાર અધિકારી કેસની તપાસ કરી શકે નહિ જેથી પણ હાલના કેસની તપાસ ખામી ભરેલી ગણાય શકે. આ બાબતનો કોઈ ખુલાસો ફરીયાદપક્ષ દ્વારા કરવામાં આવેલ નથી. વધુમાં, જ્યારે આરોપીઓ વીરુધ્ધ ઈ.પી.કો કલમ ૧૧૪ લગાડવામાં

આવેલ હોય ત્યારે ફરીયાદપક્ષને સાબિત કરવું પડે કે આરોપી ગુનાવાળી જગ્યા ઉપર હાજર હતો પરંતુ હાલમા કેસમાં કોઈપણ સાક્ષીએ આરોપીઓને સબરજીસ્ટ્રાર કચેરી, મામલતદાર કચેરી, કોર્પોરેશનની ઓફિસ અથવા બેંકમાં જોયેલ નથી. વધુમા, જ્યારે મુખ્ય આરોપ પુરવાર થતા ન હોય તેવા સંજોગોમાં સદર કલમ હેઠળ ગુનો પુરવાર થયેલ ગણી શકાશે નહી. સમગ્ર પુરાવાઓ વંચાણે લેતા આરોપીઓ વિરુધ્ધ ગુનો શંકાથી પરે રહી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

(૧૫) આ તબક્કે નામ. સર્વોચ્ચ અદાલતે **Kali Ram vs State Of Himachal Pradesh AIR** 1973 **SC** 2773 માં પ્રસિધ્ધ ચુકાદાને ધ્યાને લેવો આવશ્યક જણાય છે તેમાં નીચે મુજબ ઠરાવેલ છે કે,

> " One of the cardinal principles which has always to be kept in view in our system of administration of justice for criminal cases is that a person arraigned as an accused is presumed to be innocent unless that presumption is rebutted by the prosecution by production of evidence as may show him to be guilty of the offence with which he is charged. The burden of proving the guilt of the accused is upon the prosecution and unless it relieves itself of that burden, the courts cannot record a finding of the guilt of the accused. There are certain cases in which statutory presumptions arise regarding the guilt of the accused but the burden even in those cases is upon the prosecution to prove the existence of facts which have to be present before the presumption can be drawn. Once those facts are shown by the prosecution to exist the court can raise the statutory presumption and it would, in such an event, be for the accused to rebut the presumption.
>
> Another golden thread which runs through the web of the administration of justice in criminal cases is that if two views are possible on the evidence adduced in the case,one pointing to the guilt of the accused and the other to his innocence, the view which is favorable to the accused should be adopted."

(૧૬) સદર ચુકાદામાં કરવામાં આવેલ અવલોકન ધ્યાને લેતા તેમા એવુ ઠરાવેલ કે ફોજદારી કેસમાં જયારે રેકર્ડ પર પડેલ પુરાવાના અંતે બે અલગ અલગ અભિપ્રાય /વ્યુહ એટલેકે એક જે આરોપીને સજા કરવાનો હોય અને બીજો આરોપીને નિર્દોષતાનો અભિપ્રાય હોય તેવા સંજોગોમાં આરોપીની તરફેણનો એટલેકે આરોપીને નિર્દોષ ઠરાવતો અભિપ્રાય અપનાવવો જોઈએ. આમ હાલના કેસમાં આ અદાલત રેકર્ડ પર પડેલ પુરાવાનુ વિશ્લેષણ કરતા આરોપીની તરફેણનો વ્યુહ વ્યાજબી જણાય છે. વધુમા, બનાવવાળી મિલ્કત ઓજર ગામના કોઈપણ સાક્ષીઓએ આરોપીઓને

ઓળખી બતાવેલ નથી, આરોપીઓની ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી, કોઈ પણ દસ્તાવેજ ફોરેન્સિક લેબમાં મોકલવામાં આવેલ નથી, કોઈ સીસીટીવી ફોઓટેજ મેળવીને રજુ કરવામાં આવેલ નથી, બેંક સાહેદને તપાસવામાં આવેલ નથી, ઓનલાઈન રેશનકાર્ડ ટ્રાન્સફરની ડિજીટલ ફોરેન્સીક તપાસ કરવામાં આવેલ નથી, સીઝર પંચનામું થયેલ નથી, તથા મુખ્ય ભાગના સાહેદો હોસ્ટાઈલ થયા હોઈ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી. વધુમાં, જ્યારે ફરીયાદપક્ષનો સંપુર્ણ કેસ પરિસ્થિતિજન્ય પુરાવા ઉપર હોઈ ત્યારે ફરિયાદપક્ષને પરિસ્થિતિઓને સંપૂર્ણ અને શ્રુંખલાબધ્ધ તરીકે આરોપીના દોષ તરફ, કોઈપણ વાજબી પરિસ્થિતિને બાકાત રાખી પુરવાર કરવું પડે જે હાલના કેસમાં લેશમાત્ર પણ થયેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આમ આ કામે બંને પક્ષના વિ. વકીલશ્રીઓની દલીલ તથા રજુ થયેલ લેખીત તથા મૌખીક પુરાવો ધ્યાને લેતા ફરીયાદ પક્ષ આરોપી સામે ફરમાવવામાં આવેલ તહોમતમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો આરોપીએ કર્યો હોવાની હકીકત શંકાથી પર સાબીત કરી શકેલ ન હોય આ કેસ નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર–૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: : આખરી હુકમ : :–</u>**

**૧.** આ કામના આરોપીઓ **(૧) પંકજભાઈ ચિતરંજનભાઈ દેસાઈ રહે.** ૮૪, વશીયર વેલી સોસાયટી, અતુલ વલસાડ રોડ, તા.જી.વલસાડ **(૨) મેધાબેન પંકજભાઈ વાગડીયા રહે.** ૮૪, વશીયર વેલી સોસાયટી, અતુલ વલસાડ રોડ, તા.જી.વલસાડ **(૩) નારણભાઈ દામજીભાઈ કસુન્દ્રા, રહે.** ૨૯, ઉમીયાનગર બેલા તા.મોરબી જી.મોરબી **(૪) રસીકભાઈ બેચરભાઈ બોડા રહે.** બેલાગામ, ઉમીયાનગર તા.મોરબી જી.મોરબી **(૬) અનીષઅલી રમઝાનઅલી ધમાણી રહે.** રૂમ નં.૫૦૨, ઈવન એપાર્ટમેન્ટ, રવાપર રોડ, તા. જી.મોરબી **(૭) નુરમહંમદ ઉર્ફે કાળુ બાવાભાઈ રહે.** ઝીંઝુડાગામ, પ્લોટ ગરીબ નગર તા. જી.મોરબી **(૮) હનીફા હુસેન ઈશાક ગાધ રહે.** સરવાલેબર કેમ્પ મસ્જીદની બાજુમાં નવાકંડલા, તા.ગાંધીધામ જી.કચ્છ **(૯) રેનીસ રમઝાનઅલી રૈયાણી**

**રહે.** ભાટીયા સોસાયટી, ચંદ્રપુર તા.વાંકાનેર જી.મોરબી નાઓ સામેના ધી ઈન્ડીન પીનલ કોડની કલમ-૪૬૫, ૪૬૭ ૪૬૮, ૪૭૧, ૧૨૦(બી), ૧૧૪ ના ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કામે મુદામાલ પાવતીમાં જણાવેલ મુદામાલનો નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે આ કામના આરોપીઓએ રૂા. ૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના છ મહિનાના સમયગાળા સુધીના સધ્ધર જામીન તથા જાતમુચરકા અત્રેની અદાલતમાં રજુ કરવા. વિકલ્પે અગાઉ આપેલ જામીનખત અપીલ પીરીયડ સુધી લંબાવી આપવા જરૂરી પુરસીસ રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૨૩ મી, માહે, જૂન, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૬/૨૦૨૬
વલસાડ

(સુ.શ્રી. પ્રીતિ સાગર)
એડી. જયુડી. મેજીસ્ટ્રેટ
વલસાડ
જજ કોડ નં.જીજે-૦૧૬૭૪